**આવો, ઈસુને મળો - ૫**

૫

# ઈસુ પ્રત્યેનો પ્રતિભાવ

**લેખક**

**ખ્રિસ્તાનંદ**

કૅથલિક ઈન્ફરમેશન સર્વિસ સોસાયટી
અમિબેલા બિલ્ડીંગ, સન્માન હોટલની બાજુમાં,
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર, અમદાવાદ ૩૮૦ ૦૧૪

**ધર્માધ્યક્ષની મંજૂરી**
ડૉ. ચાર્લ્સ ગોમ્સ, એસ. જે.
અમદાવાદના ધર્માધ્યક્ષ
૦૧–૦૧–૧૯૮૭
**ધર્માધિકારીની મંજૂરી**
અંતોની શંકુરિકલ, એસ . જે.
ઉપરી, ઈસુસંઘ, ગુજરાત પ્રાંત
૧૫–૦૧–૧૯૮૭
© સી. આઈ. એસ. એસ.
પ્રથમ આવૃત્તિ : ૧૯૮૭ – નકલ : ૨૦૦૦
પુનર્મુદ્રણ : ૧૯૯૧ – નકલ : ૩૦૦૦
પુનર્મુદ્રણ : ૧૯૯૩ – નકલ : ૫૦૦૦
પુનર્મુદ્રણ : ૧૯૯૫ – નકલ : ૧૦,૦૦૦
પાંચમી આવૃત્તિ : ૧૯૯૯ – નકલ : ૧૨,૦૦૦
છઠ્ઠી આવૃત્તિ : ૨૦૧૩ - નકલ : ૧૦૦૦
સાતમી (સુધારેલી) આવૃત્તિ : ૨૦૧૪ - નકલ : ૨૦૦૦

**પ્રકાશક : વર્ગીસ પૉલ, એસ. જે.**
કૅથલિક ઈન્ફરમેશન સર્વિસ સોસાયટી
અમિબેલા બિલ્ડીંગ, સન્માન હોટલની બાજુમાં,
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર, અમદાવાદ ૩૮૦ ૦૧૪

**મુદ્રક :** આણંદ પ્રેસ, ગામડી – આણંદ ૩૮૮ ૦૦૧
ફોન : ૦૨૬૯૨-૨૫૩૯૩૩, ૨૫૬૬૫૦

# પ્રકરણ - ૯
## ઈસુ ક્યાં ક્યાં મળે?

ઈસુને હું માનવજાતનો મહાન ગુરુ ગણું છું. હું ઈસુને ભારે કળાકાર ગણું છું.
કારણ તેણે સત્યની ઉપાસના કરી, સત્ય શોધ્યું ને સત્ય પ્રગટ કર્યું.

- ગાંધીજી ('નવજીવન' ૧- ૧૧- ૨૪)

ઈસુને જગતના એક મહાન ગુરુ તરીકે જ જોવા અને મૂલવવા એ અપૂરતું છે. ઈસુએ માનવજાતને નવો ને રૂડો ઉપદેશ આપ્યો, માનવજાતને કલ્યાણકારી સંદેશો આપ્યો, એમ કહીને અટકી જવું તે ઈસુનાં જીવન તથા કાર્યના એક જ પાસાનું અવલોકન કરીને અટકી જવા જેવું છે. હકીકતમાં ઈસુએ માનવજાતને ગુરુ તરીકે ઉપદેશ જ આપ્યો નથી, બલ્કે તમામ દેશકાળના લોકો સારુ જીવનનો એક નવો માર્ગ મોકળો કર્યો છે. ઈસુએ અવતાર લઈને માનવજાતિ મધ્યે ઈશ્વરની નવી પ્રજાની રચના કરી છે.

ઈશ્વરની પ્રજા ઈસુ સાથે પરમયજ્ઞની વેળાએ કેવી રીતે એકત્ર થાય છે ને ઈસુની પંગતે બેસી પરમપિતાનું ગુણગાન કરતાં ને આભારસ્તુતિ ઉચ્ચારતાં કેવી રીતે પરમભોજન કરે છે તે આપણે અગાઉની પુસ્તિકામાં જોયું. પરમયજ્ઞમાંથી રોટી ને આસવના રૂપમાં ઈસુ ખુદ પોતાની જાતનાં જ ખાનપાન કરાવે છે ને પોતાની પ્રજાના પ્રાણ પોષે છે. પરમયજ્ઞમાં ઈશ્વરની પ્રજા આમ ઈસુ સાથે એકરૂપ બની જાય છે ને પોતાના જીવનની પરમપિતાને ચરણે અંજલિ ધરે છે.

ઈશ્વરની આ પ્રજાની ઓળખ બાઈબલમાં અન્ય રૂપકોથી પણ કરાવવામાં આવી છે. ઈસુ પોતાને એક ગોવાળ તરીકે ઓળખાવે છે ને પોતાની પ્રજાને પોતાનાં ઘેટાં કહે છે. ઈસુ ગોવાળ પોતાના આ ઝોકની પોતાના પ્રાણના ભોગે સતત રક્ષા કરે છે. "હું સાચો ગોવાળ છું, મારાં ઘેટાંને હું ઓળખું છું અને ઘેટાં મને ઓળખે છે; જેમ મને મારા પિતા ઓળખે છે ને હું મારા પિતાને ઓળખું છું અને ઘેટાંની ખાતર હું મારા પ્રાણ પાથરું છું. વળી, મારે બીજાં પણ ઘેટાં છે, જે આ ઝોકનાં નથી; તેમને પણ મારે લઈ આવવાં જોઈએ. અને તેઓ પણ મારો સાદ સાંભળશે. આમ અંતે, એક ટોળું અને એક ગોવાળ થઈ જશે" (યોહાન ૧૦ : ૧૪-૧૬).

આવાં વેણ ઈસુ વિના બીજા કોઈ ગુરુએ કાઢ્યા નથી. હકીકતમાં ઈસુએ પોતાનાં ઘેટાં સારુ પોતાનો પ્રાણ પાથરી દીધો છે. આપણે આ જોયું છે. વળી ઈસુએ પોતાને ઝાંપો કહ્યો છે, જે વાટે પોતાનાં ઘેટાં વાડામાં દાખલ થાય છે ને સદા સલામત રહે છે.

બાઈબલે ઈશ્વરની પ્રજાની ઓળખ સારુ દ્રાક્ષવાડીનું રૂપક પણ વાપર્યું છે, જેના માલિક ઈસુ છે. ઈસુ વારંવાર પોતાની વાડીમાં આવે છે. બધા વેલાની ને વેલા પર બેઠેલી દ્રાક્ષની માવજત કરે છે. વળી ઈસુએ પોતાની પ્રજા સાથેનો પોતાનો અતૂટ સંબંધ બતાવવા પોતાને દ્રાક્ષવેલા તરીકે પણ ઓળખાવ્યા છે. "હું વેલો છું એન તમે ડાળીઓ છો; જે મારામાં વસે છે અને જેનામાં હું વસું છું તે જ પુષ્કળ ફળ આપી શકે છે; કારણ, મારા વગર તમે કશું કરી શકો એમ નથી" (યોહાન ૧૫ : ૫).

આ સૌમાં ઈશ્વરની પ્રજાની આખરી ઓળખ ઈસુની એક વિરાટ કાયારૂપે આપવામાં આવી છે. ઈસુ આ વિરાટ કાયાનું મસ્તક છે. ને આખી પ્રજા એનાં વિવિધ અંગો છે. "માણસનું શરીર એક છે, અને તેને અનેક અંગો છે, અને શરીરનાં અંગો અનેક હોવા છતાં બધાં મળીને એક શરીર બને છે, તેવું જ ખ્રિસ્તનું છે. એક જ આત્મા દ્વારા સ્નાનસંસ્કાર પામીને આપણે એક શરીર બનેલાં છીએ, પછી યહૂદી હોઈએ કે ગ્રીક, ગુલામ હોઈએ કે સ્વતંત્ર - અને આપણને બધાંને એક જ આત્માનું જલપાન કરાવેલું છે.

"હવે, શરીર કંઈ એક અંગ નથી પણ ઘણાં છે. પગ જો એમ કહે કે, 'હું હાથ નથી માટે શરીરનું અંગ નથી,' તો એથી કંઈ તે શરીરનું અંગ મટી જતો નથી. અને જો કાન એમ કહે કે, 'હું આંખ નથી માટે હું શરીરનું અંગ નથી,' તો એથી કંઈ તે શરીરનું અંગ મટી જતી નથી. જો આખું શરીર આંખ હોત તો શ્રવણ ક્યાં જાત? જો આખું શરીર કાન હોત તો ઘ્રાણ ક્યાં જાત? પણ વાત એમ છે કે, ઈશ્વરે દરેક અંગને શરીરમાં પોતાની ઇચ્છા પ્રમાણે ગોઠવેલું છે. જો આખું એક જ અંગ હોત તો શરીર ક્યાં હોત? પણ છે એવું કે, અંગો ઘણાં છે પણ શરીર એક છે.

"શરીરનું એવું સંગઠન કરેલું છે કે, જેથી શરીરમાં કુસંપ ન થાય પણ બધાં અંગો એકબીજાની સરખી સંભાળ રાખે. આમ, એક અંગને દુઃખ થતાં બધાં દુઃખી થાય છે અથવા એક અંગને માન મળતાં બધાં સાથે આનંદ માણે છે. હવે તમે ખ્રિસ્તનું શરીર છો અને તમારામાં દરેક જણ એક એક અંગ છો" (૧ કરિંથ ૧૨ : ૧૪-૨૦, ૨૪-૨૭).

આ બધાં રૂપકો વડે ઈસુનાં પ્રજાજનો ને ઈસુ વચ્ચે ધર્મસભામાં કેવો અતૂટ ને અભેદ સંબંધ છે તે સૂચવાય છે. છતાં આમાંની એકેય સરખામણી ઈસુ પોતાની પ્રજા - પોતાનાં વરેલાં જનો માટે શું શું કરે છે તે પૂરેપૂરું સમજાવી શકે એમ નથી, તેમ છતાં આવી અધૂરી સરખામણી પરથી પણ આપણને આટલું સમજાય છેઃ

(૧) ઈશ્વરની પ્રજા ઈસુના ભક્તોથી બનેલી પ્રજા છે. જેમ મસ્તક સાથે જુદાં જુદાં અંગો જોડાઈ જઈને આખું શરીર બને છે તેમ ઈસુ સાથે ઈસુનાં સૌ ભક્તો જોડાઈ જઈને ઈસુનું શરીર બની જાય છે, જેમાં મસ્તકને સ્થાને ઈસુ છે.

(૨) આ સર્વ ઈસુ ભક્તોમાં ઈસુનું નવું જીવન વહે છે, મસ્તકમાંથી વહેતું જીવન વહે છે, મસ્તકમાંથી વહેતું જીવન અંગેઅંગમાં પ્રસરી જાય છે.

(૩) ઈસુ જીવે છે, મરી ગયા નથી. ઈસુ ધર્મસભામાં મોજૂદ છે. સૌ ભક્તો ઈસુના જીવનથી જીવી રહ્યાં છે.

**સ્વાગત : સ્નાનસંસ્કાર વડે**

કોઈ પણ મંડળમાં નવા સભ્યોને દાખલ કરવાનાં ધારાધોરણો ને નિયમો હોય છે. ધર્મસભા કે ખ્રિસ્તી ધર્મ તો સ્ત્રી-પુરુષ, બાળક તમામને માટે છે. ધર્મસભામાં ઊંચનીચનો, વર્ણ કે જાતિનો કોઈ ભેદભાવ નથી, બલ્કે ઊંચનીચનો ભેદભાવ તો અધમ ને અમાનુષ છે. કોઈ પણ માણસ ધર્મસભામાં આવી ઈશ્વરની પ્રજામાં સામેલ થઈ શકે. કારણ, ઈશ્વર તમામ માનવોના પિતા છે. અને ઈસુ તમામ માનવોને નવું જીવન આપવા સારુ આ જગતમાં અવતર્યા હતા અને મૃત્યુને ભેટ્યા હતા.

તેથી સૌ દેશના ને સૌ જાતિના લોકો ઈશ્વરની પ્રજા થઈ શકે. ધર્મસભાનું સભ્યપદ જન્મ કે વર્ણ કે જાતિ પર આધારિત નથી. જે કોઈ માણસ પિતા પાસે જવા ઈસુનું શરણ સ્વીકારે છે ને સ્નાનસંસ્કાર લે છે તે ધર્મસભાનો સભ્ય ને ઈશ્વરની પ્રજાનો નાગરિક બની ચૂક્યો ગણાય. સ્નાનસંસ્કારનો વિધિ ઈસુએ સ્થાપેલ વિધિ છે. સ્નાનસંસ્કારમાં ઈસુ પોતે આપણને મળવા આવે છે. ને ઈસુ પોતાના જીવનમાં આપણને હંમેશ માટે સહભાગી કરે છે. સ્નાનસંસ્કારના વિધિમાં માણસ પાણીમાં પોતાનું શરીર ઝબકોળે છે કે ડૂબકી મારે છે અથવા એના કપાળ પર પાણી રેડવામાં આવે છે. સ્નાનના આવા વિધિ વડે એમ બતાવવામાં આવે છે કે એ માણસનાં બધાં પાપ ધોવાઈ ગયાં છે ને તે નવું જીવન પામ્યો છે.

ઈસુએ પાણીને નવા જીવનનું પ્રતીક કાંઈ અકારણ બનાવ્યું નથી. સંસ્કૃતમાં ‘જીવન’ એ શબ્દ મૂળ તો પાણીના અર્થમાં વપરાયો છે. પાણીમાં જીવન આપવાની શક્તિ છે એ માણસ પારખી શક્યો હતો. દર વર્ષે ચોમાસું આવે છે ત્યારે આપણને આની ખબર પડે છે. બળબળતો ઉનાળો ને સૂકીભઠ્ઠ ભોંય! ન કાંઈ ઊગે કે ન કશું પાંગરે. પછી એકાએક આકાશમાં ઘનઘોર વાદળો ઊમટી આવે ને વરસાદ તૂટી પડે. રાતોરાત અજબ ફેરફાર થઈ જાય. હજી ગઈ કાલ સુધી જે જમીન સાવ જડ ને સૂકીભઠ્ઠ હતી, એણે સવારે જાણે લીલી સાડી પહેરી હોય એવી લાગે. બધે લીલું ઘાસ ઊગી નીકળે. એ વનસ્પતિ જોતજોતાંમાં પૂરી ખીલે ને પાંગરે ને એમાંથી ઢોરોને ચારો, પંખીઓને ફૂલો ને ફળો ને માણસને અન્ન મળી રહે. ન્યારી છે જીવનની આ લીલા!

પાણીથી માણસના પાપ ધોવાય, પાણીથી માણસનોદેહ સ્વચ્છ થાય, પણ આત્મા સ્વચ્છ થાય?

પાણી આત્માનો મેલ ધોવાનું પ્રતિક બનેલું છે. ને એ લગભગ બધા દેશો ને બધી પ્રજાઓમાં જોવા મળે છે. માણસે પાણીમાં આ શક્તિનો સંકેત નિહાળ્યો છે. આપણે ત્યાં ગંગાસ્નાનનું પરમ માહાત્મ્ય છે. ગંગા જેવી પવિત્ર નદીઓમાં આપણા દેશના લોકો પોતાની કાયા ઝબકોળે છે ને પોતે ગત જીવનનાં પાપોમાંથી ચોખ્ખો થયો છે એમ માની માણસ નવેસરથી પોતાનું જીવન શરૂ કરે છે. પાણી મારફતે આત્મશુદ્ધિ થાય છે એવી માણસમાત્રની ઊંડી ભાવનાને ઈસુએ સ્નાનસંસ્કારના જળમાં પાપ ધોવાની શક્તિ ઉતારીને ખરેખર ચરિતાર્થ કરી છે. સ્નાનસંસ્કારની વેળાએ ખુદ ઈસુ પોતે માણસના અંતરમાં પોતાની શક્તિ સહિત ઊતરી આવે છે ને એનામાં પોતાના જીવનનો સંચાર કરે છે.

સ્નાનસંસ્કાર મારફતે આપણને સાચે જ ઈસુનું જીવન મળે છે. આ નવા જીવનનાં બે પાસાં છે. સ્નાનસંસ્કારમાં એક બાજુ માણસનાં અંગત પાપ તેમ જ માણસને વારસામાં મળેલ મૂળ પાપ એમ બંને પાપો ધોવાઈ જાય છે. બીજી બાજુ સ્નાનસંસ્કાર લેનાર માણસમાં ઈસુના જીવનનો આરંભ થાય છે. આ નવું જીવન ઈસુની કૃપાથી મળે તેથી એ ‘કૃપાનું જીવન’ એવે નામે ઓળખાય છે, સ્નાનસંસ્કારમાં માણસને ઈસુનું જીવન મળતું હોવાથી સ્નાનસંસ્કાર લેનાર માણસ સંત પાઉલની પેઠે આ શબ્દો ખાતરીપૂર્વક ઉચ્ચારી શકે છે : ‘મારામાં હવે હું નથી જીવતો, બલકે ઈસુ જ જીવે છે.’ ઈસુએ પોતે આ સ્નાનસંસ્કારનો વિધિ કરાવવાનો પોતાના શિષ્યોને આદેશ આપ્યો છે : ‘મને આખી સૃષ્ટિ પર સંપૂર્ણ સત્તા આપવામાં આવેલી છે. એટલે તમે જાઓ, અને બધી પ્રજાના લોકોને મારા શિષ્ય બનાવો, અને તેમને પિતા, પુત્ર અને પવિત્ર આત્માને નામે સ્નાનસંસ્કાર કરાવો’ (માથ્થી ૨૮ : ૧૮-૧૯).

સ્નાનસંસ્કારનો વિધિ એ માણસના મૃત્યુનો ને માણસના નવજન્મનો એમ બેવડો વિધિ છે. હું સ્નાનસંસ્કાર લઉં છું ત્યારે ઈસુના મૃત્યુનું ને ઈસુના પુનરુત્થાનનું મારી જાતમાં પુનરાવર્તન થાય છે. સ્નાનસંસ્કાર એ ખરો પુનર્જન્મ છે. સ્નાનસંસ્કાર પછી માણસને ભવોભવના ફેરામાં અટવાવાપણું રહેતું જ નથી, કારણ, સ્નાનસંસ્કાર સાથે માણસને વળગેલાં સઘળાં વળગણો દૂર થઈ જાય છે ને માણસ ઈસુમાં ભળી જવાથી તે ખરેખર 'જીવનમુક્ત' બની જાય છે. અહીં આપણે સંત પાઉલના શબ્દો યાદ કરીએ :

"તમને ખબર નથી કે, આપણે સૌ સ્નાનસંસ્કાર દ્વારા ઈસુ ખ્રિસ્ત સાથે એકતા સાધનારાઓ તેમના મૃત્યુના પણ સહભાગી થયા છીએ? સ્નાનસંસ્કાર દ્વારા મૃત્યુના સહભાગી બનીને આપણે ખ્રિસ્તની સાથે દફન થયા હતા, જેથી તેઓ જેમ પરમપિતાના મહિમાના પ્રભાવથી પુનર્જીવન પામ્યા હતા, તેમ આપણે પણ નવજીવનને પંથે પગલાં માંડીએ. આપણે તેમના મૃત્યુમાં જો સહભાગી થવું જોઈએ.

"આપણે જાણીએ છીએ કે, આપણી પુરાણી પ્રકૃતિ તો ઈસુની સાથે વધસ્તંભે જડાઈ ગઈ છે, જેથી આપણા પાપમય દેહનો નાશ થાય અને આપણે હવે પાપના ગુલામ ન રહીએ; કારણ, જે મરી ગયા તેનો પાપ સાથેનો સંબંધ પૂરો થયો. પણ આપણે જો ખ્રિસ્ત સાથે મર્યા છીએ તો આપણને ખાતરી છે કે, આપણે ખ્રિસ્ત સાથે જીવીશું પણ ખરા.

"આપણે જાણીએ છીએ કે, મરેલાંમાંથી પુનર્જીવન પામેલા ખ્રિસ્ત હવે મરનાર નથી, તેમના ઉપર મૃત્યુને હવે કોઈ અખત્યાર નથી. તેઓ મરી ગયા છે તે તો પાપ પૂરતા કાયમના મરી ગયા છે, પણ જીવે છે તે ઈશ્વરને માટે જીવે છે.

"એટલે તમે પોતે પણ એમ સમજો કે, તમે પાપ પૂરતા મરી ગયા છો પણ ખ્રિસ્ત સાથેની એકતાને લીધે ઈશ્વરને માટે જીવો છો" (રોમ ૬ : ૩-૧૧)

આમ, સ્નાનસંસ્કાર મારફતે માણસની પુરાણી પાપમય ને સ્વાર્થ પરાયણ પ્રકૃતિનો અંત આવે છે અને એનામાં ઈસુના નવા જીવનનું ઝરણું ફૂટી નીકળે છે.

**ધર્મપરિવર્તન**

સ્નાનસંસ્કાર સાથે ગાઢ રીતે સંકળાયેલો કોઈ પ્રશ્ન હોય તો તે છે ધર્મપરિવર્તનનો. ગુજરાતી ભાષામાં એને માટે ભડકાવી દે એવા બે શબ્દો વાપરવામાં આવે છે. એક છે વટાળપ્રવૃતિ, બીજો શબ્દ છે ધર્માંતર. 'વટલાવવું' એવું ક્રિયાપદ પણ સહેતુક વાપરવામાં આવે છે. વટાળપ્રવૃતિ એવું કહીને એમ ઠસાવવામાં આવે છે કે કોઈ વ્યક્તિને લાલચ આપીને કે એની લાચારીનો લાભ લઈને એની પાસે એનો મૂળ ધર્મ છોડાવવો અને એને ખ્રિસ્તી બનાવવી. એમાં એને ધર્મવિમુખ ને ભ્રષ્ટ કરવી. આવી વ્યક્તિ વટાયેલી ગણાય ને પરિણામે સમાજ બહારની ગણાય. ખુદ ગાંધીજીના મનમાં આવો જ ખ્યાલ ઠસાવવામાં આવ્યો હતો.

હકીકતમાં આ એક વિકૃત ખ્યાલ છે, ને બદઈરાદે ઠસાવાયો છે. આ શબ્દ પરથી તમને માલૂમ પડશે કે ખ્રિસ્તી ધર્મ તરફ સૂગ અને ઘૃણા બતાવવા ખાતર જ એ વપરાયો છે. ખરું તો એ છે કે માણસમાત્રને મુક્તિ મળે એ જ ખ્રિસ્તી ધર્મનો શુભ આશય છે, ને એ ખાતર જ ખ્રિસ્તી ધર્મ અન્યધર્મી વ્યક્તિને જીવનનો સંદેશો પહોંચાડવા ખાતર હંમેશાં પ્રયત્નશીલ છે.આવો સંદેશો પહોંચાડી રહેલા લોકો કશી સત્તા મેળવવા માટે નહિ કે કોઈ લોભલાલસાથી નહિ બલ્કે પ્રત્યેક વ્યક્તિના શ્રેય ખાતર જ પોતાનું જીવન ખરચી રહ્યા હોય છે. ખ્રિસ્તી ધર્મ કદી પોતાની સંસ્કૃતિ ને સારા રીતરિવાજોનો ત્યાગ કરવાનું કહેતો નથી, બલ્કે પોતાની સંસ્કૃતિને અનુરૂપ ઈસુની પૂજા કરે એવો આગ્રહ રાખે છે.

'ધર્મપરિવર્તન' એ જ સાચો શબ્દ છે, પરિવર્તન એટલે વળાંક. પરિવર્તન એ સ્વાભાવિક ને કુદરતી પ્રક્રિયા છે. બીજમાંથી છોડ ને ફૂલમાંથી ફળ, માણસ બાળક મટી યુવાન બને ને યુવાની વટાવીને વૃદ્ધાવસ્થાને ખોળે જઈ બેસે. બીજી બાજુ માણસે પોતે પોતાના વિકાસ માટે પોતામાં ફેરફાર કરવા પડે છે. સમજીવિચારીને પરિવર્તન લાવવું પડે. પરિવર્તન વિના વિકાસ અસંભવિત છે.

ધાર્મિક બાબતમાં પણ આ જ રીતે વ્યક્તિને માટે પરિવર્તન નિતાંત આવશ્યક છે. પોતે મુક્તિનો પુણ્યમાર્ગ ખોળે ને એ માર્ગ જડે એટલે માણસ એ ભણી વળે એ એનું કર્તવ્ય છે. ખ્રિસ્તી ધર્મનો તોએ હક્ક-દાવો છે કે પોતે જ એ પૂર્ણ મુક્તિનો માર્ગ છે.

હા, ખ્રિસ્તી ધર્મ એ જરૂર જાણે છે કે ધર્મપરિવર્તન એ અત્યંત ગંભીર અને પવિત્ર બાબત છે. તેથી તેની પછવાડે કશી લાલચ કે કોઈ દબાણ ના જ હોવાં જોઈએ. ધર્મપરિવર્તન એ વ્યક્તિની પૂરેપૂરી સ્વેચ્છા અર્થાત્ એની મરજી પર અવલંબે છે. ધર્મપરિવર્તનનો નિર્ણય કેવળ પુખ્ત ઉંમરની વ્યક્તિએ કરવાનો છે ને સ્વેચ્છાથી કરવાનો છે. આથી કોઈ પણ સ્વતંત્ર દેશમાં કોઈ પણ જણ ધર્મપરિવર્તન વિશે ન તો વાંધો લઈ શકે, ન તો વિરોધ કરી શકે. બીજાને એ માર્ગે જતો રોકવા કોઈને કશો જ અધિકાર નથી. પોતાને મનપસંદ માર્ગે ધર્મની ને ઈશ્વરની સાધના કરવાનો ને મુક્તિનો માર્ગ ખોળવાનો પ્રત્યેક પુખ્ત સ્ત્રી-પુરુષનો અબાધિત અધિકાર છે.

આ હક્કને અમાન્ય રાખવો તે કોઈના સ્વાતંત્ર્યને અમાન્ય રાખવા બરાબર છે. અમુક લોકો દલિત-પીડિત વર્ગનું આર્થિક લાલચ આપી ધર્માંતર કરાવવામાં આવે છે એવી કાગારોળ કરી મૂકે છે. હકીકતમાં આ લોકો જેમ દલિત-પીડિતોનું શોષણ કરી તેમને પોતાના

કબજામાં રાખી રહ્યા છે તેમ પોતાના અંતરાત્મા અનુસાર ધર્મ પસંદ કરવાના દલિત-પીડિતોના માર્ગમાં અવરોધો મૂકીને એમની પર એવો જ અમાનુષી અંકુશ જમાવી રહ્યા છે. આ સ્પષ્ટ બતાવે છે કે હકીકતમાં આ લોકો દલિત-પીડિતોને માણસના લેખામાં જ ગણાતા નથી.

કોઈ પુખ્ત વ્યક્તિ નિઃસહાય બનીને પોતાને ઉત્તમ લાગતો માર્ગ ગ્રહી ના શકે એ શું ઓછો જુલમ છે? આજે તો અદનો ને પીડિત માણસ ખ્રિસ્તી ધર્મ સ્વીકારે તો તેના લાભો ઝૂંટવી લેવામાં આવે છે. એને પાછોલાવવા શુદ્ધિ જેવી પ્રવૃત્તિઓ આચરવામાં આવે છે. કોઈ પણ સ્ત્રી-પુરુષને મળેલી ઈશ્વરદત્ત સ્વતંત્રતા પર આ રીતે તરાપ મારવી એ એક ભંયકર અત્યાચાર છે.

સ્નાનસંસ્કાર લઈને માણસ સ્વેચ્છાથી ને ઉમળકાથી ઈસુને પોતાના જીવનમાં વધાવી લે છે. સ્નાનસંસ્કાર લેનાર માણસને ઈસુ પોતે મળવા આવે છે ને એના અંતરમાં વાસો કરે છે ને પોતાના નવા ને અમર જીવનની એને ભેટ આપે છે.

**અસહિષ્ણુતા**

ખ્રિસ્તીઓ સ્નાનસંસ્કારનો આગ્રહ રાખે જ છે. શું આ અસહિષ્ણુતા ના કહેવાય? શું આનો એવો અર્થ નથી થતો કે ખ્રિસ્તીઓને મન જેઓ સ્નાનસંસ્કાર ના લે તેમને મોક્ષ ના મળે, ને એમની અધોગતિ થાય?

આ મુદ્દો પણ ખાસ્સી ચોખવટ માગી લે તેવો છે. આમ તો દિવ્ય જીવન મેળવવા સારુ ઈસુએ જ સ્નાનસંસ્કારનો વિધિ સ્થાપ્યો છે. છતાં ઈશ્વરની દયા અનંત છે ને એના પ્રેમનો પાર નથી. પરમ દયાળુ ઈશ્વર જાણે છે કે માણસ સ્નાનસંસ્કાર ના લઈ શકે એવા ઘણા સંજોગો ને પરિસ્થિતિઓ છે. તેથી સ્નાનસંસ્કાર ના લીધો હોય છતાં સ્નાનસંસ્કારનો લાભ મળે તે માણસનો મોક્ષ થાય એવી અદ્‌ભુત રીતો ઈશ્વરે રચેલી છે.

જગતમાં એવા ઘણા સંતો ને ધાર્મિક માણસો પાક્યા છે જેમણે ઈસુ વિશે કશું સાંભળ્યું નહોતું. ઈશ્વરનો પ્રેમ તો સૌ માનવોને મુક્તિ આપવા ઝંખી રહ્યો છે. ઈશ્વરને શોધતા, સાચું ધર્મપરાયણ જીવન જીવતા ને મુક્તિ કાજે તલસતા પ્રત્યેક મનુષ્યની ઈશ્વર અવશ્ય સંભાળ લે છે. ઈશ્વર પર પ્રેમ રાખનાર ને પોતાનાં પાપો બદલ પસ્તાવો કરતા માણસોનો ઈશ્વર પોતાની રીતે અચૂક ઉદ્ધાર કરે છે.

બીજી બાજુ સ્નાનસંસ્કારનો વિધિ કરાવ્યો એટલે ઉદ્ધાર થઈ ચૂક્યો એવું પણ નથી. ઉદ્ધાર તો ઈશ્વરને માથે રાખીને જીવનારાનો જ થશે. સ્નાનસંસ્કાર લેનારો માણસ પણ પોતે સ્વતંત્ર તો છે જ તેથી તે સ્નાનસંસ્કાર લીધો હોવા છતાં ઈશ્વર ભણી પીઠે ફેરવે એવું બને.

એક દુઃખની વાત એ છે કે ઘણા લોકો એવા છે જેઓ ઈસુને કદી મળવાની પરવા કરતા નથી. આવા લોકો ઈસુએ એમની આગળ ધરેલા સુખોનો લ્હાવો લૂંટે જ ક્યાંથી? બીજી દુઃખની વાત એ છે કે ઘણા લોકો ઈસુ ભણી ખેંચાય છે ને એમના ઉપદેશને શિરોમાન્ય ગણે છે છતાં એક યા બીજા કારણસર તેઓ ઈસુની નિકટ આવવાનું ને તેમની સમીપ રહેવાનું ટાળે છે. ને અણસમજુ બનીને આખરે તો હાથમાં આવેલ અમૂલ્ય મોતીને ધૂળભેગું કરે છે.

**બળસંસ્કાર**

ઈસુને મળવાનાં બે સ્થળો આપણે જોયાં. એક સ્થળ તે પરમભોજન ને બીજું સ્થળ તે સ્નાનસંસ્કાર. ઈસુને મળવાનું ત્રીજું સ્થળ બળસંસ્કાર છે. બળસંસ્કાર આપણી એક ખાસ ગરજ પૂરી પાડે છે.

પુરુષ હો કે સ્ત્રી - જે કોઈ વ્યક્તિ પોતે સારું જીવન ગુજારવા ને આ જગતને જીવવા લાયક બનાવવા માગે છે એને તરત જ માલૂમ પડે છે કે એને ઘણી મુસીબતો ને ઘણાં પ્રલોભનોનો સામનો કરવો પડશે. જે વ્યક્તિ ઈસુમાં નવો જન્મ ધારણ કરે છે તેને પોતાના નવા જીવનનું જતન કરવું પડે છે ને એ માટે ઘણાં જોખમો ઉઠાવવાં પડે છે. વળી એને પોતાને જે અમૂલ્ય સંપત્તિ હાથ લાગી છે તેની બીજા લોકોને પણ પ્રાપ્તિ થાય એની જવાબદારી પણ એને સોંપાયેલી છે.

ઈસુએ આ બધી મુશ્કેલીઓ અગાઉથી જ પિછાણી હતી અને એમણે પોતાના શિષ્યોને એક બેલી એમની પાસે મોકલવાનું વચન આપ્યું હતું. એ બેલી એટલે પવિત્ર આત્મા. પોતાના અનુયાયીઓની જીવનયાત્રામાં પવિત્ર આત્મા એમની પડખે રહેશે, એમનાં મન અજવાળાતો રહેશે ને રોજરોજ એમનામાં બળ પૂરતો રહેશે.

'પ્રેષિતોનાં ચરિતો'ના ગ્રંથમાં પીતર અને યોહાન શમરૂનના પ્રદેશમાં જાય છે તે પ્રસંગમાં ઈસુની આ આધ્યાત્મિક ભેટનું વર્ણન આવે છેઃ "યરુશાલેમમાંના પ્રેષિતોએ જ્યારે સાંભળ્યું કે, શમરૂને ઈશ્વરનો સંદેશ સ્વીકાર્યો છે ત્યારે તેમણે પીતરને અને યોહનને ત્યાં મોકલી આપ્યા; અને ત્યાં જઈને શમરૂનીઓમાં પવિત્ર આત્માનો સંચાર થાય એવી પ્રાર્થના કરી. કારણ, ત્યાં સુધી તેમનામાંના કોઈમાં પવિત્ર આત્માનો સંચાર થયો નહોતો, પણ તેમને માત્ર ભગવાન ઈસુને નામે સ્નાનસંસ્કાર જ આપવામાં આવ્યો હતો. પછી પીતરે અને યોહાને તેમને માથે હાથ મૂક્યા અને તેમને પવિત્ર આત્મની પ્રાપ્તિ થઈ" (પ્રેષિતોનાં ચરિતો ૮ : ૧૪-૧૭).

નામ પરથી જ માલૂમ પડે છે કે આ સંસ્કાર તે બળનો - શક્તિનો - સંસ્કાર છે. પવિત્ર આત્મા ઈસુ ભક્તમાં તાકાત પૂરી એને બળવાન બનાવે છે. પવિત્ર આત્મા માણસને આધ્યાત્મિક રીતે પુખ્ત ને પાકટ બનાવે છે, આધ્યાત્મિક દૃષ્ટિએ માણસ બાળક જેવો હોય

ત્યાં સુધી તે મોટે ભાગે પોતાની ધાર્મિકતાનો જ વિચાર કરે છે. પોતાની જ પ્રાર્થના ને પોતાની જ ભક્તિ એમાં પવિત્ર આત્મા ઈસુભક્તને બાળક મટાડી અન્ય જનોનો ને એમના અભ્યુદયનો વિચાર કરતો થાય છે. બલ્કે એ માટે સક્રિય બને છે. બળસંસ્કારથી ઈશ્વરને માથે રાખીને જીવવાનું ખાસ બળ મળે છે ને માનવબંધુ પર પ્રેમ રાખવાની ને એની સેવા કરવાની ખાસ શક્તિ સાંપડે છે.

ટૂંકમાં, બળસંસ્કાર ખ્રિસ્તી જીવનમાં મહત્ત્વનો તબક્કો છે. એમાં ખ્રિસ્તી ધર્મની દીક્ષા લીધેલા ભક્તને પવિત્ર આત્માનું દાન મળે છે. તેને બળે જ તે ઈસુના વિરાટ દેહનો એટલે કે ધર્મસભાનો વિકાસ સાધવામાં પોતાનો ફાળો આપવા કટિબદ્ધ બને છે.

**પ્રાયશ્ચિત્ત સંસ્કાર**

માણસ સ્નાનસંસ્કાર લે તે સાથે જ એનો પુનર્જન્મ થાય છે. એનો ઈશ્વરની પ્રજામાં સમાવેશ થાય છે ને સાચે જ એને નવું જીવન સાંપડે છે. આવે મહાન ભેટ ઈશ્વર આપે છે છતાં એની સ્વતંત્રતા કે એની ઇચ્છા ઈશ્વર કાંઈ લઈ લેતો નથી. તેથી ઈસુ મારફતે પુનર્જન્મ પામ્યો હોવા છતાં માણસ પાપ આચરીને પાછો પોતાના સ્વાર્થના કોચલામાં પુરાઈ જાય ને નવું જીવન ગુમાવી બેસે એવો ભય તો છે જ.

વળી, આ સંસારમાં આપણે જીવીએ છીએ ત્યાં લગી મોહમાયા આપણને નડવાની જ, પ્રલોભનો આપણી સામે ખડાં થવાનાં જ. પ્રલોભનો આપણી તાકાતને નાણી જોનારાં છે. આપણે કેટલા કાચા છીએ કે પાકા એનો ક્યાસ પ્રલોભનોને આપણે વશ થઈએ છીએ કે પછી એને હડસેલી દઈએ છીએ એના પરથી જ નીકળે છે. આપણે પ્રલોભનોનો સામનો કરીએ એ સારું છે. કારણ, સ્વર્ગનું સુખ મેળવવામાં આપણો પણ સહકાર જોઈએ.

ઈસુ પ્રલોભનોની તાકાત અને આપણી કમજોરી બંનેથી વાકેફ હતા. તેથી ઘાતક કે ગંભીર પાપ આચરીને નવું જીવન ગુમાવવાનું જોખમ પેદા થાય ત્યારે ઈસુએ જીવન પાછું મેળવવાનો એક ઉપાય યોજયો છે ને તે પ્રાયશ્ચિત્ત સંસ્કાર.

પોતાની ક્ષમાના વાહન તરીકે જ ઈસુએ પ્રાયશ્ચિત્ત સંસ્કાર સ્થાપ્યો છે. પોતાના પુનરુત્થાન બાદ પોતાના શિષ્યોને ઈસુએ આ શબ્દો ઉચ્ચારીને આ સંસ્કારની ભાળવણી કરી હતી. "તમને શાંતિ હો! પિતાએ જેમ મને મોકલ્યો છે તેમ હું તમને મોકલું છું.' એટલું કહીને તેમણે ફૂંક મારીને કહ્યું, 'તમને પવિત્ર આત્માની પ્રાપ્તિ થાઓ. તમે જો કોઈનાં પાપ માફ કરશો તો તે માફ થશે; તમે જો કોઈનાં પાપ ઊભાં રાખશો તો તે ઊભાં રહેશે" (યોહાન ૨૦ : ૨૧-૨૩).

કૅથલિક પુરોહિત પ્રાયશ્ચિત્ત સંસ્કાર કરાવે છે. જૈન ધર્મમાં જોવા મળતા 'સામયિક' અને 'પ્રતિક્રમણ' વિધિ જેવો જ આ વિધિ છે, જેમાં ભક્ત ગુરુ પાસે જાય છે અને પોતાનાં પાપો એમને જણાવે છે. પાપના આવા એકરારમાંથી સૌથી મહત્ત્વની બાબત તો છે પાપ આચરીને પોતે પોતાના પ્રેમાળ પિતા ઈશ્વર પિતાને ઠુકરાવી દીધાનું દુઃખ. પેલી ઉડાઉ દીકરાની કથામાં નાના દીકરાને આવું ભાન થયું ને તેનો હૃદયપલટો થયો હતો : "હું મારા બાપુ પાસે જઈને કહું કે, 'બાપુ, મેં તમારો અને ઈશ્વરનો અપરાધ કર્યો છે. હું તમારો દીકરો કહેવડાવવાને પણ લાયક રહ્યો નથી."

પાપ પ્રથમ તો ઈશ્વર સામેનો અપરાધ છે. એટલે પ્રાયશ્ચિત્ત સંસ્કારનો મુખ્ય હેતુ ઈશ્વર ભણી પાછા વળવાનો છે. પણ પ્રાયશ્ચિત્ત જેવું પુણ્ય કર્મ કરીએ તો જ ભગવાન પાછો આપણા પર રીઝે. નહિતર એની ખફગી ઊતરે એવો ભૂલભરેલો વિચાર આપણે ના કરવો જોઈએ. ભગવાનને નહિ પણ માણસને જ પ્રાયશ્ચિત સંસ્કારની જરૂર છે. સ્વચ્છંદી છોકરો ઘર છોડીને ચાલ્યો ગયો હતો છતાં પણ એના પિતાનો પ્રેમ તો એવો ને એવો જ રહ્યો હતો પ્રાયશ્ચિત્ત સંસ્કાર એટલે ઈશ્વર પિતાના આવા પ્રેમને સંભારીને દુઃખી દિલે વહાલસોયા પિતા ભણી પાછા ફરવું, તેમના પ્રેમાળ આલિંગનમાં સમાઈ જવું.

પણ પાપ કેવળ ઈશ્વર પ્રત્યેનો ગુનો નથી. માનવબંધુઓ પ્રત્યેનો પણ ગુનો છે. ધર્મસભા તો એક દેહરૂપ છે તેથી એમના પાપની અસર બધાંને પહોંચે છે. આપણે બધાં શુભસંદેશ પ્રમાણે જીવનમાં કાચાં પડીએ છીએ. ને આપણા ખરાબ વર્તનથી એકબીજાંને કુકર્મો કરવા પ્રેરીએ છીએ. આમ ધર્મસભા જોકે પુણ્યજનોનો સત્સંગ છે પણ માણસ માત્ર તો ભૂલને પાત્ર છે.

પ્રાયશ્ચિત્ત સંસ્કાર લઈ ભક્ત બીજાં પ્રત્યે આચરેલી પોતાની ભૂલ સુધારી લે છે ને બીજાંને સારું જીવન જીવવામાં મદદરૂપ બને છે.

પ્રાયશ્ચિત્ત સંસ્કારનો મહિમા સદ્‌ગત વડાધર્મગુરુ પીયૂષ બારમાએ આવા શબ્દોમાં સચોટ રીતે વર્ણવ્યો છેઃ

"રોજ રોજ ભક્તો સદાચારને પંથે આગળ ધપતા રહે એમ અમે ઇચ્છીએ છીએ ને તે માટે ભક્તો વારંવાર પાવન પ્રાયશ્ચિત્ત સંસ્કારનો વિધિ કરાવતા રહે એવી આગ્રહભરી હિમાયત કરીએ છીએ. ધર્મસભામાં પવિત્ર આત્માની પ્રેરણા વિના આ વિધિ સ્થપાયો જ ના હોત. પ્રાયશ્ચિત્તના આ સંસ્કારને પ્રતાપે અસલ આત્મજ્ઞાનની વૃદ્ધિ થાય છે. ખ્રિસ્તી માણસની નમ્રતા પાંગરતી રહે છે, કુટેવો સુધરતી રહે છે, આધ્યાત્મિક બાબતો પ્રત્યે ઉદાસીનતા તથા શિથિલતા ઘટે છે. આત્મશુદ્ધિ થાય છે, સંકલ્પ બળવાન બને છે, આત્મસંયમ સિદ્ધ થાય છે અને આ સંસ્કારમાં કૃપાવૃદ્ધિનો તો ગુણ રહેલો જ છે."

**લગ્નમેળાપમાં ઈસુમેળાપ**

ઈસુ આપણી જીવનયાત્રામાં વિવિધ અવસ્થામાં તથા ભીડની વેળાએ આપણને મળવા આવતા જ રહે છે. તેઓ આપણી પાસે આવીને આપણામાં બળ પૂરે છે. આપણને માફી આપે છે ને આપણો આહાર થાય છે.

સ્ત્રી-પુરુષના જીવનમાં લગ્ન અને કુટુંબને ખ્રિસ્તીઓ અદકેરું મહત્ત્વ આપે છે. તેથી ઈસુએ આપણને ખાસ મળવા માટે લગ્નનો પ્રસંગ પણ પસંદ કર્યો છે. ઈસુ લગ્નવેળાએ સ્ત્રી-પુરુષના સંબંધને પોતાના આશીર્વાદથી પાવન અને કાયમ કરે છે. ને એ સંબંધને એક સંસ્કાર બનાવે છે. લગ્નસંબંધમાં ઈસુ પતિ-પત્નીને પોતાની સાથે વિશેષરૂપ જોડી દઈ તેમને એક દેહ ને એક પ્રાણ બનાવે છે.

સ્ત્રી-પુરુષના દેહસંબંધને અમુક લોકો ખરાબ અને અઘટિત ચીજ માનતા હોય છે. આ ઘણો ખોટો ખ્યાલ છે. ઉત્પત્તિની કથા પરથી જ આ ખ્યાલ કેવો ખોટો છે એની આપણને ખાતરી થશે. સૃષ્ટિનાં આરંભે ઈશ્વરે સ્ત્રી અને પુરુષને પેદા કર્યા ને એમને વંશ-વૃદ્ધિનું કામ સોંપ્યું.

ખરેખર તો ઈશ્વરે લગ્નસંસ્કાર સ્થાપીને સ્ત્રી-પુરુષના દેહસંબંધને પાવન કર્યો છે. ઈશ્વરે દુનિયામાં મનુષ્યો પેદા કરવાના પોતાના કાર્યમાં પતિ-પત્નીનો સાથ લીધો છે. આ પરથી ઈશ્વરે મા-બાપને કેવું મોટું કામ સોંપ્યું છે તે માલૂમ પડે છે.

પતિ-પત્નીના દેહસંબંધ વડે બાળકને જન્મ આપીને ઈશ્વરે સોંપેલું કામ પૂરું થતું નથી. તદુપરાંત, ઈશ્વરે પતિ-પત્નીને અન્ય જવાબદારીઓ પણ સોંપી છે. માબાપે ઈશ્વરને નામે બાળકોને મોટાં કરવાનાં છે, એમનું પાલનપોષણ કરવાનું છે ને એમને ધર્મશિક્ષણ અને કેળવણી આપવાની છે. માબાપે પોતાના બાળકને ઘરની હૂંફ આપવાની છે ને એને સન્માર્ગે દોરવાનું છે. આમ, બાળકો પુખ્ત વયનાં થાય ત્યાં લગી એમની ઘણી જવાબદારીઓ ઈશ્વરે માબાપને સોંપી છે.

ઘરસંસાર માંડેલાં પતિ-પત્નીએ એકબીજા પ્રત્યે વફાદારી જાળવીને લગ્નની પવિત્ર ભાવનાને ટકાવવાની છે અને બાળકો પ્રત્યેની જવાબદારીઓ અદા કરીને પોતાનો સંસારધર્મ બજાવવાનો છે. ખ્રિસ્તી લગ્ન દેહધર્મ અનુસાર બાળકોને જન્મ આપવા માટે જ નથી, બલ્કે સ્નાનસંસ્કાર દ્વારા બાળકોને નવજન્મ કરાવી ઈશ્વરની પ્રજાનું નિર્માણ કરવા માટે પણ છે. ખ્રિસ્તી પરિવારોમાં પવિત્ર આત્માને પ્રતાપે આવાં સંતાનો જન્મતાં રહે છે ને ઈશ્વરની પ્રજા જમાને-જમાને ફૂલતી-ફાલતી રહે છે.

માબાપ પોતાનો ધર્મ સારી રીતે બજાવી શકે તે માટે ઈશ્વરે જાતીયસંબંધ પર લગ્ન દ્વારા અમુક ચોક્કસ નિયંત્રણો લાદયાં છે જેથી પતિ-પત્નીનો સંબંધ તંદુરસ્ત ને મંગળ રહે ને એમની છત્રછાયા હેઠળ બાળકો સુરક્ષિત રહે.

આટલા ખાતર કુંવારાં કે અપરિણીત સ્ત્રી-પુરુષને જાતીય સંબંધ બાંધવાની મના છે. એમણે તો લગ્ન અગાઉ બ્રહ્મચર્યનું પાલન કરી સંસાર ધર્મ ઉત્તમ રીતે બજાવવા માટે પોતાની જાતને તૈયાર કરવાની છે. સમાજમાં સ્ત્રીનો મોભો ને એનાં માન-મર્યાદા અવશ્ય જળવાવાં જોઈએ. સ્ત્રીને માતાનું પરમપદ આપ્યું છે. સ્ત્રી તો ઈશ્વરનાં બાળકોની જન્મદાત્રી છે ને તેથી માનવજાતિની વિધાત્રી છે. માટે છૂટાછેડા કે લગ્નવિચ્છેદને ઈશ્વરની યોજનામાં સ્થાન નથી. એનાથી લગ્નની પવિત્રતા ને બાળકોની સલામતી બંને જોખમાય છે. લગ્નમાં એકપત્નીત્વ કે એકપતિત્વ અનિવાર્ય છે. એકપત્નીત્વ દ્વારા જ પતિ અને પત્ની વચ્ચે ગાઢ સાહચર્ય કેળવાય છે, ખરો પ્રેમ પ્રગટ થાય છે ને એ પ્રેમને જોરે જ બે નોખાં ખોળિયામાં વસતા બે આત્માઓનો અભેદ રચાય છે. આ માટે લગ્ન એક સાધના છે ને એ સાધનામાં પતિ-પત્ની વચ્ચે ત્યાગ અને સંયમ એ બે ગુણો નિતાંત આવશ્યક છે.

ધર્મસભા જો ઈશ્વરનો એક વિરાટ પરિવાર છે, તો પ્રત્યેક ખ્રિસ્તી કુટુંબ એ પરિવારનું લઘુરૂપ છે. ઈશ્વરની પ્રજાને છાજે એ રીતે જ ખ્રિસ્તી કુટુંબે જીવવાનું છે. ઈશ્વરની યોજનાને આધીન રહીને માતાપિતાએ બાળકોને જન્મ આપવાનો છે. સંયમ કેળવીને કુદરતી સંતતિનિયમનનું પાલન કરીને બંને નક્કી કરે એવું પોતાના કુટુંબનું કદ તેમણે રાખવાનું છે. ખ્રિસ્તી ધર્મમાં ગર્ભપાત એ મહાપાતક છે, કારણ એ બાળહત્યા છે. ખ્રિસ્તી લગ્નનું ધ્યેય તો સુખી પરિવારોની રચના કરવાનું છે જેમાં માતા-પિતા નિર્મળ પ્રેમથી જોડાયાં હોય ને એમની હૂંફ ને છત્રછાયામાં તન ને મનથી નીરોગી બાળકોનો વિકાસ થતો હોય. આથી જ લગ્નસંસ્કાર વખતે ઈસુ ખાસ પધારે છે ને પરિવારમાં કાયમ વાસ કરે છે.

લગ્નસંસ્કાર વખતે પુરોહિત નવદંપતી આગળ જે ભાવવાહી આશીર્વચનો ઉચ્ચારે છે તે ઈસુપંથી લગ્નના હાર્દને સરસ રીતે પ્રગટ કરે છે:

“હે પરમપિતા, તમે તમારી અસીમ શક્તિથી શૂન્યમાંથી બ્રહ્માંડનું સર્જન કર્યું, માનવને તમારી પ્રતિમૂર્તિ સમો બનાવ્યો અને પુરુષને સ્ત્રીનો સાથ આપ્યો, જેથી પતિપત્ની બે મટી એક થઈ જાય ને અનન્ય અભેદથી સંકળાઈ જઈને કદી છૂટાં ના પડે.

“હે ઈશ્વર, તમે લગ્નસંસ્કારની એટલી કદર કરી કે એમાં ઈસુ ખ્રિસ્ત અને ધર્મસભાના ગૂઢ સંબંધનો સંકેત સ્થાપ્યો. તમે સ્ત્રી અને પુરુષનો સંબંધ બાંધી તેમના પર તમારો આશીર્વાદ ઉતાર્યો જેને ન તો મૂળ પાપનો શાપ કે જળપ્રલયનો વિનાશ વ્યર્થ કરી શક્યાં.

"તેથી હે પ્રભુ, આજે આ સૌભાગ્યવતી નારી ઉપર રહેમનજર કરો. તે આજે પોતાનો સંસાર માંડતી વખતે તમારા આશીર્વાદ માગે છે. તે પ્રેમ ને શાતિની મૂર્તિ અને શાસ્ત્રએ બિરદાવેલ પુણ્યશાળી સ્ત્રીઓને પગલે ચાલે.

"તેમનો વર તેમને પોતાનુ અર્ધાંગ ગણીને તેમના ઉપર વિશ્વાસ મૂકે, તેમને યોગ્ય માન આપે અને ઈસુ ધર્મસભા ઉપર રાખે છે એવો જ પ્રેમ એમના ઉપર રાખે.

"હે પ્રભુ, અમારી વિશેષ પ્રાર્થના છે કે, આ તમારાં સેવક-સેવિકા લગ્નના પુણ્ય સંબંધને તેમજ તમારી આજ્ઞાને વફાદાર રહે ને લગ્નગ્રંથિથી જોડાયેલાં રહીને તેઓ પવિત્ર જીવનથી દીપી ઊઠે. શુભસંદેશના સામર્થ્યથી તેઓ બળવાન બને, પોતાના જીવન દ્વારા દુનિયાની આગળ ઈસુને પ્રગટ કરે અને ધન્ય વૃદ્ધાવસ્થા સુધી પહોંચીને સંતોની મુક્તિ ને પરમધામનો વાસ પ્રાપ્ત કરે."

**ખ્રિસ્તી ધર્મગુરુઓ**

ઇતિહાસ તપાસો તો માલૂમ પડશે કે દરેકે દરેક પ્રજામાં ઈશ્વર અને લોકો વચ્ચે કડીરૂપ બનતા ખાસ ધાર્મિક માણસો મળી આવે છે. તેઓ ઈશ્વર આગળ લોકો વતી નૈવેદ્ય ને બલિ ધરે છે, લોકો માટે ઈશ્વરને દુઆ ગુજારે છે તથા લોકોને શાસ્ત્ર સમજાવે છે ને પૂજાપાઠ કરે છે. આ માણસોને આપણે ધર્મગુરુઓ કે પુરોહિતોને નામે ઓળખીએ છીએ.

ધર્મગુરુ કે પુરોહિત વેદીનો સેવક છે, વેદીની સેવા એનું જીવનકર્તવ્ય છે. શાસ્ત્રમાં પુરોહિતની આવી ઓળખ આપવામાં આવી છે : "પ્રત્યેક પુરોહિતને માણસોમાંથી પસંદ કરીને ઈશ્વર સંબંધી બાબતોમાં તેમના પ્રતિનિધિ તરીકે નીમવામાં આવે છે, જેથી તે પાપો માટે નૈવેદ્ય ચડાવે, તે અજ્ઞાનીઓ અને ભૂલ કરનારાઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક વર્તી શકે છે. કારણ, તેના પોતામાં પણ નબળાઈઓ રહેલી હોય છે."

પણ ખ્રિસ્તી ધર્મગુરુ એ પૂજાપાઠ, યજ્ઞયાગ ને કર્મકાંડ કરનારો કેવળ એક પૂજારી નથી. ધર્મસભામાં યજ્ઞવેદી એક એવું સ્થળ છે જ્યાં ભક્તો તથા ઈશ્વરનું મિલન રચાય છે. વેદી આગળ ઈશ્વર પોતાના ભક્તોને પોતાના મુક્તિદાયક પ્રેમની દૃઢ ખાતરી કરાવે છે. સૌ ભક્તો વેદી પર ઈસુ સાથે પરમપિતાને નૈવદ્ય ધરાવીને આ મોટી કૃપા બદલ પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. ખ્રિસ્તી પુરોહિત રોજ રોજ વેદી આગળ ઉભો રહી ભક્તોનું નૈવેદ્ય ઈશ્વરને ધરતો રહે છે ને ઈશ્વરની આશિષો ને ઈશ્વરનાં વરદાનો ભક્તોને પહોંચાડતો રહે છે. આથી ધર્મસભામાં પુરોહિતપદ પરમપદ ગણાયું છે.

ખ્રિસ્તી પુરોહિત એ ધર્મસભાના પરિવારમાં પિતા સમાન છે. પિતાની પેઠે એ પોતાનું આખું જીવન ઈશ્વરની પ્રજાની સેવામાં ને એની સંભાળ લેવામાં ખરચે છે. આ ભાવનાથી ધર્મસભામાં ખ્રિસ્તી ધર્મગુરુને 'ફાધર' કહેવામાં આવે છે. ખ્રિસ્તી પુરોહિત ઈસુની-ઈશ્વરની પ્રજાનો ગુરુ, ધર્મસભાના સર્વ સભ્યોનો આદર્શ અને પોતાના લોકોનો નીડર આગેવાન છે. ઈસુની પેઠે એણે વખત આવ્યે ઈસુની તથા ધર્મસભાની ખાતર પોતાના પ્રાણ પાથરવા તૈયાર રહેવાનું છે.

આવું સમર્પિત જીવન ઈશ્વરની ખાસ કૃપા ને સહાય વિના જીવવું અસંભવ. આથી આપણે જોઈએ છીએ કે ઈસુએ પુરોહિતપદને, જેમાં કાચી માટીનો માનવ ઈશ્વરનો પુરોહિત બની શકે એવા પાવન સંસ્કારનું રૂપ આપ્યું છે.

**તૈલાભ્યંગ**

માણસની જીવન-યાત્રાનું અંતિમ ચરણ તેનું મૃત્યુ છે. એ ચરણ તેના જીવનનું કદાચ સૌથી મહત્ત્વનું ને સૌથી નિર્ણાયક ચરણ છે. માણસના છેલ્લા શ્વાસની વેળાએ એના આત્માની શી સ્થિતિ છે તેના પર જ એને મળનારા સ્વર્ગ કે નરકનો આધાર છે.

એટલે ઈસુપંથી માણસના જીવનની આખરી વેળાએ ઈસુ એને મળવા આવે છે. આ સંસ્કાર આપતી વેળાએ પુરોહિત પથારીવશ માણસને કપાળે તેલ ચોળે છે અર્થાત્ તેલનો અભ્યંગ કરે છે. મોટા માણસના તૈલાભ્યંગથી ઈસુ પોતે માંદા માણસની ખબર કાઢવા, પોતાની જો ઇચ્છા હોય તો એને સાજો કરવા ને પોતાની પાસે લઈ લેવાની ઇચ્છા હોય તો એને હિંમત આપવા ને એની નબળાઈઓ ને ભૂલો માફ કરવા આવે છે.

ભગવાન ઈસુના એક અંતેવાસી સંત યાકોબે માંદગીની વેળાએ ખ્રિસ્તીઓને ઈશ્વરનું ખાસ સ્મરણ કરવા ને ઈશ્વરની બંદગી કરવાની શીખ આપી છે. "તમારામાંનો કોઈ માંદો છે? તો તેણે સંઘના સ્થવિરોને બોલાવવા, અને તેમણે પ્રભુને નામે એને તેલ લગાડી એને માટે પ્રાર્થના કરવી; એટલે શ્રદ્ધાભરી પ્રાર્થનાથી માંદો માણસ સાજો થઈ જશે, અને પ્રભુ તેને બેઠો કરશે. અને જો તેણે કંઈ પાપ કર્યાં હશે તો તે માફ કરવામાં આવશે" (યાકોબ ૫ : ૧૪-૧૫).

આપણે અહીં થોડું અટકીએ ને જીવનની વિવિધ અવસ્થાએ ધર્મસભામાં ઈસુ પોતાના ભક્તોને કેવી અદ્ભુત રીતે મળતા હોય છે તે વિશે થોડો વિચાર કરીએ અને ઈસુએ દાખવેલી આ મોટી કૃપા બદલ સદા એમનો આભાર માનીએ.

**પ્રાર્થના**

હે પ્રભુ, તમારાં સંતાનો પરના તમારા પ્રેમમાં કશી
મણા નથી. મારી જીવનયાત્રામાં તમે ડગલે ને પગલે
મારી સાથે રહો છો. તમારા સાત સંસ્કારો આપીને તમે
મારી સાથે છો ને મારા મર્ત્ય જીવનને પાવન કરતા રહો
છો એની તમે મને ખાસ રીતે પ્રતીતિ કરાવો છો.
તમારા આ પાવન સંસ્કારો પામવા હું સદ્ભાગી બનું
એ માટે મને તમારા ખાસ આશીર્વાદ આપો.
હે ભીડભંજન ભગવાન,
મને જેવો તેવો તમારો દાસ ગણો,
તમે મારી પાસે આવો,
મરી બાંય ઝાલો ને
તમારી પાછળ ચાલવાનું મારામાં બળ પૂરો.

# પ્રકરણ - ૧૦
## ઈસુને મારો જવાબ

આજ આનંદ મારા અંગમાં ઉપન્યો,
પરિબ્રહ્મની મુને ભાળ લાગી.
હું ટળ્યો, તું ઠર્યો, કરતાર કરુણા કરી,
અખે નિજપદ લહ્યું સુખની ગાદી.
- અખો

આ પુસ્તિકાઓમાં અસીમ પ્રેમની કથા આલેખાઈ છે. ઈશ્વર મારા પિતા છે ને મારા પર એમના પ્રેમનો પાર નથી. આ રહસ્ય આ કથાએ મારી આગળ ખૂલ્લું કર્યું છે. મને આ વાત માનવી મુશ્કેલ લાગે છે? જો મુશ્કેલ લાગતી હોય તો એમાં મારી શંકા કે દ્વિધા જ કારણભૂત છે. ઈશ્વર મારા પર એટલો બધો પ્રેમ બતાવે ખરો, એવી શંકા જ આડી આવે ને મને આ પરમ સત્ય માનવા ના દે.

ઈશ્વરના અસીમ પ્રેમની ખાતરી કરાવનારી કેટકેટલી બાબતો આપણે જોઈ! આ અદ્‌ભુત સૃષ્ટિનું નિર્માણ ઈશ્વરે કર્યું છે, જેનું પૂરું રહસ્ય આજના વિજ્ઞાનીઓ પણ શોધી શક્યા નથી. પણ આ સૃષ્ટિ પોતે માણસને ખાતર જ પેદા કરી છે તે સત્ય સૃષ્ટિના આરંભકાળથી જ ઈશ્વરે માણસ આગળ છતું કર્યું છે. ઈશ્વરે આખી સૃષ્ટિમાં માણસને જ પોતાની પ્રતિકૃતિ સમો પેદા કર્યો ને એને બુદ્ધિશક્તિ આપી જેથી તે સમગ્ર સૃષ્ટિનો માલિક થઈ શકે. સાથોસાથ ઈશ્વરે માણસને સ્વતંત્ર ઈચ્છાશક્તિ આપી, જેથી તે પોતે પોતાના જીવન અંગે નિર્ણયો લે અને સ્વેચ્છાથી ઈશ્વર પર અને પોતાના માનવબંધુ પર પ્રેમ રાખે.

આ કથા મારી પોતાની છે ને મારી પોતાની આ કથામાં મારી કૃતજ્ઞતા ને મારી બેવફાઈ એ સૌથી બદતર પાસું છે. મેં મારા ઈશ્વરપિતાના પ્રેમને ઠોકર મારી છે. હું પેલા વંઠેલા દીકરાની પેઠે જ વર્ત્યો છું. ઈશ્વરે મને શક્તિઓ આપી ને એ શક્તિઓ મેં ઈશ્વર વિરુદ્ધ પાપ આચરવામાં જ વાપરી! મેં ઈશ્વર સાથેના મારા સંબંધના લીરા ઉડાડ્યા છે ને મારું ભલું કરનાર જોડે જ મેં દુશ્મનાવટ બાંધી છે.

### મારી પાછળ પડેલો ઈશ્વર

અજબ છે મારા પરનો ઈશ્વરનો પ્રેમ! હું ઈશ્વરથી દૂર ભાગું તોય એ મને પડતો મૂકતો નથી, બલકે એ મારી પાછળ આવે છે. એ સાચું જ છે કે, આપણે હજી ઈશ્વરના દુશ્મનો જ હતા ત્યારે ઈશ્વરે આપણા પ્રત્યે પ્રેમ દાખવ્યો : “ઈશ્વરને જગત ઉપર એટલો તો પ્રેમ હતો કે તેણે પોતાના એકનો એક પુત્ર આપી દીધો, જેથી જે કોઈ એનામાં શ્રદ્ધા રાખે તે નાશ ન પામે, પણ શાશ્વત જીવન પ્રાપ્ત કરે” (યોહાન ૩ : ૧૬).

ઈસુએ આપણા પ્રત્યેના પ્રેમને ખાતર જે જે કર્યું છે તે બધું આપણે વિગતવાર જોયું છે. આપણા પરના પ્રેમને ખાતર ઈસુએ એક અજાણ્યા ગામડામાં રાંકને પેટ જન્મ લીધો, સુથારનો ધંધો કરી પોતાનો રોટલો રળ્યો, પછી ઉપદેશ આપતા, માંદાં, લૂલાં, લંગડાંને સાજા કરતા ને સૌનું ભલું કરતા ફરતા રહ્યા. ને આખરે કારમું મૃત્યુ વહોરી લઈને પોતે જેમને જીવન આપવા સારુ આવ્યા હતા. તે સૌ માનવો ખાતર પોતાના લોહીનું છેલ્લું ટીપું સુધ્ધાં નિચોવી નાખ્યું.

પોતાના પુત્રના આ બલિદાનથી ઈશ્વર પિતા પ્રસન્ન થયા ને એને નવું જીવન આપ્યું. ને પુત્રે પોતાનાં દુઃખો અને મૃત્યુમાં સહભાગી થનાર સૌ પોતાનાં દુઃખો અને મૃત્યુમાં સહભાગી થનાર સૌને પોતાના એ નવા જીવનમાં સહભાગી કર્યા.

આમ સૌને જીવન આપવાનું કામ પાર પાડીને ઈસુ પોતાના પિતા પાસે પાછા ગયા ને ત્યાંથી પોતાના પાવન આત્માને આપણા બેલી તરીકે મોકલી આપ્યો. પવિત્ર આત્મા આપણને પ્રકાશ આપતો રહે છે ને આપણને ધર્મને માર્ગે ચલાવતો રહે છે. વળી, ખુદ ઈસુ પોતે આપણા જીવનની વિવિધ અવસ્થાઓમાં સાત સંસ્કારો મારફતે આપણને મળવા આવતા રહે છે ને આપણી ભીડ ભાંગતા રહે છે.

ને છેવટે આપણી જીવનયાત્રા પૂરી થતાં ઈસુ આપણને શાશ્વત સુખના ધામે પિતા પાસે લઈ જાય છે ને ત્યાં મુક્તિ પામેલ પ્રત્યે જણ પિતા, પુત્ર અને પવિત્ર આત્મામાં પૂર્ણપણે ભળી જાય છે.

### મારો જવાબ શો ?

અજબ છે આ પ્રેમકહાણી! પહેલી નજરે એને કોણ માની શકે? પોતા પરના આવા પ્રેમની વાત આસાનીથી કેવી રીતે કોઈને ગળે ઊતરે?

તેથી હું અહીં થોડું અટકું ને શાંતિથી આ વિશે વિચાર કરું. આવા પ્રેમની સામે મારે શું કરવું જોઈએ એ મારી જાતને સ્પષ્ટપણે પૂછું.

સૌથી પ્રથમ તો મારામાં આભાર માનવાની લાગણી પેદા થાય. મારે ખાતર જેણે આટઆટલું કર્યું તેનો હું અવશ્ય આભાર માનું. મારો પહેલો જવાબ ઈશ્વરનો આભાર માનવાનો હોય.

ઈસુની કથા વાંચનાર દરેક જણે આ તબક્કે પોતાની જાતને પૂછવું જોઈએ કે ઈસુની આ કથા શું કેવળ એક રસિક કથા માત્ર છે? કે પછી મારામાં ખરેખર રસ લેનાર, મને વ્યક્તિગત રીતે પોતાની પાસે બોલાવનાર પ્રેમાળ ઈસુની સાચેસાચી વાત છે? ટૂંકમાં, ઈસુ મારે માટે એક કથાનાયક છે કે પછી મારા જીવનમાં ખરેખર પ્રવેશેલી એક વ્યક્તિ છે?

અહીં આપણે એક અદ્‌ભુત અનુભવને ઉંબરે આવી પહોંચ્યા છીએ. આ એવી પળ આવી પહોંચી છે જ્યાં આપણને જીવતા જાગતા ઈસુનો અનુભવ થશે. એક જીવંત વ્યક્તિ તરીકે ઈસુ મને મળશે. મને તે ઘડીએ ખબર પડશે કે મારી સાથે ઊભેલા ઈસુ મને એકદમ નવો માણસ બનવાનું આમંત્રણ આપી રહ્યા છે. ઈસુ મને પોતાનો કરવા માગે છે.

જો તમારા જીવનમાં આવી પળ આવે તો તમે ગભરાતા નહિ. ભાવિનો વિચાર કરીને પરેશાન થતા નહિ. અત્યારે તો તમે વ્યક્તિગત  રીતે ઈસુની પાસે જાઓ છો એ જ બાબત મહત્ત્વની છે. તમે ઈસુને આવકાર આપો છો, પૂરો ભરોસો વ્યક્ત કરો છો. તમે ઈસુનો સ્વીકાર કરો છો.

ઈસુ તમને ક્યાં દોરી જશે એ તમે જાણતા નથી, પણ એ જાણવાની જરૂરેય શી છે? આ પળે તો તમે ઈસુને તમારી જાત સોંપી દો. આજ  છે ઈસુનો તમે માનેલો સાચો આભાર. આ જ છે એમના પર તમે વ્યક્ત કરેલો સાચો પ્રેમ.

તમને એક નવું જીવન મળશે. ઈસુ ક્રમે ક્રમે એ જીવન તમારી આગળ પ્રગટ કરતા જશે. પણ આ પળે તમે ઈસુ પ્રત્યે તમારો પ્રેમ ને તમારો આભાર બે રીતે વ્યક્ત કરી શકો. એક તો તમારી પ્રાર્થના મારફતે અને બીજું, તમારા આચરણ મારફતે ઈસુ પ્રત્યે તમારો પ્રેમ ને આભાર વ્યક્ત કરી શકો.

## (૧) પ્રાર્થના શું છે ?

પ્રાર્થનાને આપણે ના આવડે તેવી જટિલ બાબત ધારી લઈએ છીએ. આપણો આ ખ્યાલ સાચો નથી. પ્રાર્થના એક સરળ બાબત છે. જેમ મિત્ર મિત્ર વચ્ચેનો સંબંધ એટલે મૈત્રી. તેમ ભગવાન અને ભક્ત વચ્ચેનો સંબંધ એટલે પ્રાર્થના.

સંત થેરેસ્યા કહે છે : "માનસિક પ્રાર્થના એ ગાઢ મૈત્રી સંબંધ સિવાય બીજું કશું નથી. જે આપણને ચાહી રહ્યો છે એમ આપણે જાણીએ છીએ તેનામાં તન્મય બનીને કરેલો એ વાર્તાલાપ જ છે."

જપ, યોગ આ બધું પ્રાર્થનામાં ખપ આવે ખરું પણ એ ખરેખર પ્રાર્થના નથી. એ તો પ્રાર્થનાનાં માત્ર સાધનો છે. પ્રાર્થના  તો છે ઈશ્વરને આત્મસમર્પણ. જપ, યોગ ઈત્યાદી એ નિસરણીનાં પગથિયાં સમાં છે, જે આપણને પ્રાર્થનાના અંતિમ ચરણ આત્મસમર્પણ સુધી પહોંચાડે છે. પ્રાર્થનાને આપણે 'પ્રણામ' જેવી સાદી ક્રિયા જોડે જોડી શકીએ. હું મારા બે હાથ જોડું ને આખેઆખો ઈશ્વરને સોંપાઈ જાઉં એવો પ્રાર્થનાનો ભાવ પ્રણામમાં વ્યક્ત થાય છે.

આપણે આગળ જોયું તેમ મારામાં આવેલા સાચા પરિવર્તનની નિશાની જ એ છે કે હું મારી જાતને સુકાની મટી જાઉં છું ને ઈશ્વરને મારો સુકાની બનાવી દઉં છું. આજ લગી મારા જીવનના કેન્દ્રમાં 'હું' હતો, હવે ત્યાં 'હું' ને ભૂંસીને ઈશ્વરને સ્થાપું છું.

થોમાસ મર્ટન લખે છે : "ધ્યાન એક એવી પ્રાર્થના છે જેમાં માણસ કેવળ મનથી વિચારતો નથી અને હોઠથી કશું રટતો નથી. બલકે અમુક અર્થમાં તો એ આખેઆખો ભાવમગ્ન બની જાય છે. પ્રાર્થના એ માત્ર શબ્દોની ગોઠવણી નથી અથવા દિલમાં ઉદ્‌ભવતી ઈચ્છાઓની કે માગણીઓની હારમાળા નથી. પ્રાર્થના તો સમગ્ર સંવેદનાનો ઈશ્વરને ચરણે મૌન, એકાગ્રતા અને ભક્તિ સ્વરૂપે થયેલો આવિર્ભાવ છે. ધ્યાનમય પ્રાર્થનામાં ઈશ્વર ચરણે આપણી સમગ્ર જાતનું સમર્પણ છે.

"જો આપણે આપણા ભીતરને પૂરેપૂરું ઈશ્વર ભણી વાળ્યા વિના જ ઈશ્વરનું ધ્યાન ધરવાનો પ્રયત્ન કરીએ તો છેવટે આપણે આપણી જાતનું જ ધ્યાન કરવા ભણી વળી જઈશું ને કદાચ આપણે આપણી ઈન્દ્રિય-પરાયણ પ્રકૃતિના હૂંફાળા તિમિરના કોચલામાં જ પુરાઈ જઈશું. આ તિમિર એવું તો નથી જ જેમાં કોઈ માણસ નચિંતપણે સૂતેલો રહી શકે.

"બીજી બાજુ જો આપણે આપણાં તરંગો ને લાગણીઓ પર જ વધારે પડતા ઝૂકી જઈએ તો પણ આપણે ઈશ્વરાભિમુખ થઈ શકવાના નહિ, બલ્કે આપણે આપણા તરંગોના વમળોમાં જ ખેંચાઈ જઈશું ને આપણી રચેલી માયાજાળને જ ધર્મનો અનુભવ માનીશું. ને આ બાબત પણ એટલી જ ખોટી છે.

"આપણી સમગ્ર જાતને ઈશ્વરાભિમુખ તો કરી શકાય કેવળ ઊંડી, સાચી અને સરળ શ્રદ્ધાને જોરે જ. આમાંથી ઉદ્‌ભવતી આશા ઈશ્વર સાથે સંબંધ બાંધવો શક્ય છે, એ બતાવે છે ને પ્રેમ આપણને જણાવે છે કે ઈશ્વરની ઇચ્છાને પાર પાડવી એ જ સૌમાં ખરી ને અસલ ચીજ છે."

### પ્રાર્થના : અરજ ને આભારસ્તુતિ બંને

સુખે સાંભરે સોની ને દુ:ખે સાંભરે રામ. મોટે ભાગે તો આપણે આપણી જરૂરિયાતો પૂરી પડે ને આપણાં દુ:ખો ટળે એ ઇરાદે જ ભગવાનને પ્રાર્થના કરતાં હોઈએ છીએ. બધી જ બાબતે નચિંત માણસ કેવળ પોતાની જાતનો જ વિચાર કરે એમાં નવાઈ નથી. તેથી જ કદાચ ઈશ્વર આપણા પર કસોટીઓ ને દુ:ખો આવવા દે છે. એમ કહો કે પોતા ભણી આપણને પાછા વાળવાનો ઈશ્વર પાસે આ જ ઇલાજ છે. આખરે તો ઈશ્વર જ મારા જીવનનું એકમાત્ર લક્ષ્ય છે એ મારે કદી વીસરતું ના જોઈએ.

આપણી રોજિંદી જરૂરિયાતો આપણે ઈશ્વર આગળ રજૂ કરીએ એમાં ખરેખર તો કંઈ જ અજુગતું નથી. જેવી રીતે બાળકો પોતાના પ્રેમાળ પિતા પાસે જાય છે એ જ ભાવના ધારણ કરી આપણે ઈશ્વર પાસે જઈએ એવું ઈશ્વર ઇચ્છે છે. ખુદ ઈસુએ આપણને આપણી જરૂરિયાત ઈશ્વર પાસે માગવા જણાવ્યું છે.

આવી માગણીની પ્રાર્થના આપણી મર્યાદાઓ ને ઈશ્વર પ્રત્યેનું આપણું આલંબન પૂરેપૂરું છતું કરે છે. સાથોસાથ આવી પ્રાર્થના ઈશ્વર પરનો આપણો અખૂટ વિશ્વાસ પણ પ્રગટ કરે છે. ઈશ્વર આપણા પ્રેમાળ પિતા છે ને તેઓ બધી વાતે આપણી સંભાળ લેશે એવો ભરોસો આવી માગણીની પ્રાર્થનામાંથી વ્યક્ત થાય છે.

આવી પ્રાર્થના સામાન્ય રીતે ઈશ્વરનો આભાર માનવાની સાથે પૂરી થવી જોઈએ. આપણા રોજિંદા જીવનામં સામી વ્યક્તિ આપણા માટે કંઈ કરે તેઓ આભાર માનવાનો વિવેકનો એક શિરસ્તો આપણે પાળેલો છે. આભાર એક સુંદર સદ્‌ગુણ છે, ભલા ઈશ્વરનો વારંવાર આભાર માનવાનો શિરસ્તો આપણે કેમ ન પાળીએ?

પણ પ્રાર્થનાનું ખરું સ્વરૂપ તો ઈશ્વરનાં ગુણગાન જ છે. ઈશ્વરની કરુણાનાં નિત્યગાન ગાવાં એમાં જ માનવ અવતારની સાર્થકતા રહેલી છે. બાઇબલનાં સ્તોત્રો ઈશ્વરનાં આવાં ગુણગાનથી છલોછલ ભરેલાં છે. પ્રાર્થના કરતી વેળાએ ઈશ્વરની સન્મુખ આવતાં જ આપણાં હૃદયમાંથી આપોઆપ ઈશ્વરનાં ગુણગાન સરી પડવાં જોઈએ. ઈશ્વરે મારા પ્રત્યે ખાસ પ્રેમ બતાવ્યો છે તેઓ પ્રતિભાવ હું મારી પ્રાર્થના વડે પાડું. ઈશ્વરે મને કેટકેટલું આપ્યું! ઈશ્વરે પોતાનો પુત્ર સુધ્ધાં મને આપી દીધો છે. આ જોઈએ ઈશ્વરને ચરણે પડ્યા વિના હું કેમ રહી શકું.

### પરમપૂજા એક પ્રાર્થના લેખે

આપણે જોયું છે તે મુજબ પરમપૂજા એ ઈસુએ ક્રૂસ પર પોતાના પિતાને ધરેલી આહુતિનું અખંડ પુનરાવર્તન છે. ઈસુએ પોતાના લોહીનું આખરી ટીપું સુધ્ધાં નિચોવી નાખીને આપણને ફરી પાછાં ઈશ્વરનાં સંતાનો બનાવી દીધાં તેનું પુણ્ય સ્મરણ છે.

"સમય પાકતાંવેંત ઈશ્વરે પોતાના પુત્રને મોકલી આપ્યો; જેઓ શાસ્ત્રને આધીન હતા તેમને છોડાવવા તે શાસ્ત્રને આધીન અવતર્યો અને આપણ સૌને ઈશ્વરનાં સંતાન બનાવવા તેણે માનવમાતાને પેટે જન્મ લીધો.અને તમે પુત્ર છો એનો પુરાવો એ છે કે, ઈશ્વરે પોતાના પુત્રના આત્માને આપણાં હૃદયમાં મોકલી આપ્યો છે, જે 'પરમેશ્વર, મારા પિતા' એમ પોકારે છે.

"આમ ભાઈ, તું હવે ગુલામ નથી રહ્યો, પણ પુત્ર છે, અને જો પુત્ર છે તો ઈશ્વરની કૃપાથી વારસ પણ છે. પહેલાં જ્યારે તમે પરમેશ્વરને ઓળખતા નહોતા ત્યારે જેઓ ખરેખર દેવ જ નથી એવા દેવોની ગુલામીમાં હતા. પણ હવે તમે પરમેશ્વરને ઓળખ્યો છે, બલકે, પરમેશ્વરે તમને ઓળખી લીધા છે" (ગલાતિયા ૪ : ૪-૯).

પરમયજ્ઞ એ ઈશ્વરની પ્રજાની - ધર્મસભાની - પૂજા છે. પરમયજ્ઞ ધર્મસભાના ને દરેક ખ્રિસ્તીના સમગ્ર જીવનનું મધ્યબિંદુ છે. પરમયજ્ઞમાં ભૂતકાળમાં ઈસુ દ્વારા સિદ્ધ થયેલો માનવજાતનો ઉદ્ધાર તે વર્તમાન બની જાય છે. ખ્રિસ્તી માણસની બીજી બધી ધાર્મિક ક્રિયાઓ પરમયજ્ઞ સાથે સંકળાયેલી છે.

### હે અમારા પરમપિતા

એકવાર શિષ્યોએ ઈસુ આગળ આ માગણી કરી હતી : "પ્રભુ, અમને પ્રાર્થના કરતાં શીખવો". ઈસુએ તેમને આ પ્રાર્થના શીખવી હતી. આ એક સંપૂર્ણ પ્રાર્થના છે. કોઈ પણ પ્રાર્થના કરતી વખતે, બલકે સમગ્ર જીવનમાં આપણા મનમાં જે ભાવો કાયમ હોવા જોઈએ તે ઈસુએ આ પ્રાર્થનામાં ગૂંથી આપ્યા છે : ઈશ્વર પ્રત્યે પ્રેમ ને પૂજ્યભાવ તેમના પર સંપૂર્ણ વિશ્વાસ ને પરસ્પર ક્ષમા.

હે અમારા પરમપિતા,<br>
તમારા નામનો મહિમા થાઓ,

તમારું રાજ્ય આવો,
સ્વર્ગ તેમ જ પૃથ્વી ઉપર
તમારી ઇચ્છા પૂરી થાઓ.
આજે અમારો રોજનો રોટલો આપો.
અમે જેમ અમારા ગુનેગારોને માફ કરીએ છીએ,
તેમ તમે અમારા ગુના માફ કરો.
અમને કસોટીમાં પડવા ન દો.
પણ અનિષ્ટથી બચાવો. અસ્તુ.

**૨) આચારસંહિતા**

મારી પ્રાર્થના ઉપરાંત ઈશ્વર પ્રત્યેનો મારો પ્રેમ હું મારા આચરણ દ્વારા વ્યક્ત કરું. ઈશ્વરે આ દુનિયા બનાવી છે અને એનો કારભાર મને સોંપ્યો છે. ઈશ્વરે આ દુનિયામાં કેમ જીવવું એની રીત મને બતાવી છે. હું ઈશ્વરે બતાવેલી રીત અનુસાર જીવું ને ઈશ્વરને પગલે ચાલું.

ઈશ્વરે જે વિશ્વ બનાવ્યું છે તે કેવું નિયમવત્ ચાલે છે તે જુઓ.

મહાન સર્જનહારની લીલા તેણે સર્જેલી પ્રત્યેક ચીજની પ્રકૃતિમાં કે ગુણમાં પ્રગટ થાય છે. ઈશ્વરે રચેલા નિયમો અનુસાર બ્રહ્માંડો પોતાની કક્ષામાં ઘૂમતાં રહે છે, નક્ષત્રો પ્રદક્ષિણા કરતાં રહે છે. સૂર્ય દિવસે અને ચંદ્ર રાતે પ્રકાશ આપે છે અને આખી સૃષ્ટિ પોતાના નિયત ક્રમનું દિવસો અને મહિનાઓમાં અને વર્ષોમાં અને સતત બદલાતા ઋતુચક્રમાં પાલન કરતી રહે છે.

જો કોઈ ઇજનેર પોતાનું કામ સુપેરે ચાલતું રહે એમ ઇચ્છતો હોય તો પોતે જે યંત્ર ચલાવે છે તે યંત્ર બનાવનારે યંત્રની કરેલી રચના અનુસાર ચલાવે.

સમાજનું તંત્ર વ્યવસ્થિત રીતે ચાલતું રહે એ માટે ઈશ્વરે માણસને આચારસંહિતા આપી છે. આજે જગતમાં જ્યાં જુઓ ત્યાં પાર વગરનાં દુઃખો, હિંસા, ધિક્કાર અને શોષણ નજરે ચડે છે. આનું કારણ એ છે કે માણસે ઈશ્વરે આપેલા નિયમો અથવા આજ્ઞાઓની કાં તો અવગણના કરી છે કાં તો એને ઠોકરે ચડાવ્યાં છે. જો હું મારા જીવનમાં દુઃખી હોઉં, જો મને અંતરની શાંતિ ન હોય તો એનું કારણ ખુદ હું પોતે છું. મેં ઈશ્વરની આજ્ઞાઓનું પાલન ન કર્યું, માટે જ આવું થયું છે.

**દસ આજ્ઞાઓ**

ઈશ્વરે મને અંતરાત્મા આપ્યો છે. ઈશ્વર મારા અંતરમાં શું સારું ને શું ખોટું, શું કરવા જેવું અને શું ન કરવા જેવું છે એ મને જણાવે છે. વળી ઈશ્વરે બાઇબલમાં મને દસ આજ્ઞાઓ આપી છે. આ દસ આજ્ઞાઓ મારી આચારસંહિતા છે. મારી જીવનયાત્રા સુખરૂપ કપાતી રહે એ માટે મારા સર્જનહારે મને આ આજ્ઞાઓ આપી છે.

પોતાની સત્તા બતાવવા કે આપણા પર પોતાની ધાક રાખવા ઈશ્વરે આપણને આ આજ્ઞાઓ આપી નથી. બલકે આ આજ્ઞાઓ મારફતે ઈશ્વર સાથે અને પોતાના માનવબંધુઓ સાથે કેવી રીતે સુમેળથી જીવવું અને ઈશ્વરની યોજનાને વશ વર્તીને માણસે પોતાના અંતરનાં સુખચેન કેવી રીતે જાળવવાં એ આપણને જાણવા મળે છે.

આ આજ્ઞાઓ આપણને જીવન જીવવાની રીતે શીખવે છે. માણસે સમાજમાં કેવી રીતે સંપસુમેળથી અને એખલાસથી જીવવું તે બતાવે છે. તેથી આપણે આ દસેય આજ્ઞાઓ પર નજર ફેરવી લઈએ. આ આજ્ઞાઓનો અનાદર કરવાથી માણસના જીવનમાં કેવી મુશ્કેલીઓ અને દુઃખો આવે છે તે પણ આપણને સમજવા મળશે.

ઈશ્વરે ખુદ પોતે મને આ દસ આજ્ઞાઓ આપી છે.

૧) તમારે મારા સિવાય કોઈ દેવ હોવો ન જોઈએ.
૨) તમારે તમારા પરમેશ્વર પ્રભુનું નામ નકામું ન લેવું.
૩) વિશ્રામવારને પવિત્ર રાખજો.
૪) તમારાં માતાપિતાને માન આપજો.
૫) ખૂન કરવું નહિ.
૬) વ્યભિચાર કરવો નહિ.
૭) ચોરી કરવી નહિ.

૮)	તમારા માનવબંધુ વિરુદ્ધ ખોટી સાક્ષી પૂરવી નહિ.
૯)	તમારા માનવબંધુની પત્નીની લાલસા સેવવી નહિ.
૧૦)	તમારાં માનવબંધુની વસ્તુનો લોભ રાખવો નહિ.

પહેલી ત્રણ આજ્ઞાઓ એ સર્વ આજ્ઞાઓનો પાયો છે. એ આજ્ઞાઓ મને બતાવે છે કે ઈશ્વર જ મારા જીવનનું કેન્દ્ર છે. જો આ આજ્ઞાઓનું પાલન હું ન કરું તો હું ઈશ્વરથી વિમુખ બની જાઉં ને મારા જીવનમાં અંધાધૂંધી પ્રવર્તે, મારું જીવ્યું એળે જાય.

બાકીની આજ્ઞાઓ પાળવી નિતાંત આવશ્યક છે. ખુદ ઈસુએ કહ્યું છેઃ "જો તમે જીવન પામવા માગતા હો તો આજ્ઞાઓ પાળો". શુભસંદેશકાર યોહાન કહે છે : "ઈશ્વર પર પ્રેમ રાખવો એટલે ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કરવું."

**સૌથી મોટી આજ્ઞા**

ઈસુએ બધી આજ્ઞાઓના નિચોડરૂપ એક સૌથી મોટી આજ્ઞા આપી છે. તે છે પ્રેમની આજ્ઞા.

"તું તારા પરમેશ્વર પ્રભુ ઉપર પૂરા હૃદયથી, પૂરા જીવથી અને પૂરા મનથી પ્રેમ રાખજે, એ સૌથી મોટી અને સૌથી મોટી અને પહેલી આજ્ઞા છે. અને એના જેવી જ એક બીજી છે : તારા માનવબંધુ ઉપર તારી જાત જેટલો પ્રેમ રાખજે" (માથ્થી ૨૨ : ૩૭-૩૯).

પ્રેમ એ સર્વેસર્વા છે. ઈસુએ પ્રભુ જોડે માનવપ્રેમને જોડી દીધો. ઈસુએ માનવબંધુને ચાહ્યા વગર તમે ઈશ્વરને ચાહી જ ના શકો, એ બતાવ્યું. આનો અર્થ એ પણ થયો કે જો તમારામાં સાચો પ્રભુ પ્રેમ ના હોય તો તમે માનવબંધુ પર પણ સાચો પ્રેમ રાખી જા શકો.

આજની દુનિયાની દયાજનક સ્થિતિ નિહાળો. આજે દુનિયામાં લડાઈઓ છે ને અન્યાય છે. માણસને હાથે માણસનું શોષણ થઈ રહ્યું છે. માણસમાં પાર વગરની નફરત અને ઈર્ષા પડેલાં છે. એક દેશ બીજા દેશનું બૂરું ઇચ્છી રહ્યો છે. આ બધું પ્રેમની આજ્ઞાનું પાલન ન કરવાનું પરિણામ છે. આપણે આપણા સમાજમાં અને ખુદ આપણા કુટુંબમાં જોઈશું તો જણાશે કે પ્રેમનો અભાવ આપણા જીવનને પાંગળું બનાવે છે.

જો હું આ પ્રેમની મહાન આજ્ઞાનું પાલન ના કરું તો હું આ દુર્દશામાં ઉમેરો કરું છું. મારા જ જીવનમાં સચ્ચાઈ ના હોય તો હું બીજાઓ જોડે સચ્ચાઈથી કેવી રીતે વર્તી શકું? હું મારા જરૂરિયાતમંદ ભાઈ પર પ્રેમ ના બતાવું અને એને મદદ ના કરું તો આજુબાજુની પરિસ્થિતિને કેવી રીતે સારી બનાવું? આજ્ઞાનું પાલન કરવાની સૌથી પહેલી મારી જવાબદારી છે. એ જવાબદારીનું પાલન કરું તો જ માનવજીવનમાં સુખ અને શાંતિ પ્રવર્તે.

પ્રભુનો પ્રેમ કેવો અસીમ છે તે મેં આ પુસ્તિકાઓમાં જોયું છે. એ પ્રેમથી પ્રેરાઈને પરમેશ્વરે પોતાના એકનો એક પુત્ર જગતમાં મોકલી આપ્યો. અને ઈશ્વરના પુત્રે માનવજાત પર એટલી હદ સુધી પ્રેમ રાખ્યો કે માનવની મુક્તિ ખાતર એણે પોતાના લોહીનું છેલ્લું ટીપું સુધ્ધાં નિચોવી નાખ્યું. જો હું આ જાણતો હોઉં તો મારા માનવબંધુ પર પ્રેમ રાખ્યા વિના હું કેવી રીતે રહી શકું? મારા માનવબંધુનું ભલું કર્યા વિના મને ચેન ક્યાંથી પડે?

હે પ્રભુ, તમારી આજ્ઞાઓના પાયા પર હું મારું જીવન ઘડતર કરું એ માટે મને સહાય કરો.

મારા સ્વાર્થને હું વિસારે પાડું.

તમારા પર હું પૂરાં દિલોજાનથી પ્રેમ રાખું.

મારા માનવબંધુ પર ખાસ કરીને ભીડમાં આવી પડેલાં મારાં ભાઈભાંડુઓ ઉપર હું સાચો પ્રેમ બતાવું એવી મને શક્તિ આપો.

**અનંત ઓચ્છાવનું આમંત્રણ**

એક દિવસ હું મરણ પામીશ. આ દુનિયામાં કાંઈ મારું હંમેશનું રહેઠાણ નથી. ઈશ્વરે તો મને એક શાશ્વત લોકમાં જીવવા માટે પેદા કર્યો છે.

મારા મૃત્યુની સાથે આ દુનિયાનો અંત આવશે અને બીજી જ પળે હું મારા ઈશ્વરના ન્યાયાસન સંમુખ ખડો હોઈશ. તે બધું એકદમ સ્પષ્ટ હશે. કશું જ ગુપ્ત રહેશે નહિ. હું જેવો છું તેવો પૂરેપૂરો પ્રગટ થયો હોઈશ. જો હું ઈશ્વરને માથે રાખીને જીવ્યો હોઉં તો સદાસર્વદા ઈશ્વરની છત્રછાયામાં હું જીવીશ. ઊલટું જો મેં ઈશ્વરના પ્રેમને અવગણીને જીવન ગુજાર્યું હશે તો મારા સ્વાર્થની જંજીરોમાં હું સખત જકડાયેલો રહીશ અને મારો સ્વાર્થ મને કાયમ ઈશ્વરથી વિખૂટો કરી નાખશે. ઈશ્વર સાથેની આ કાયમી જુદાઈ એ જ નરક થયું. આમ બને તો મારો મનુષ્ય અવતાર પૂરેપૂરો એળે ગયો.

એક દિવસ ઈસુએ આ કથા કહી. આ કથા ખુદ મને જ લાગુ પડતી કથા છે :

"એક માણસે મોટો ભોજનસમારંભ યોજ્યો હતો અને ઘણાં આમંત્રણ કાઢ્યાં હતાં. ભોજનને વખતે તેણે પોતાના નોકર મારફતે કહેવરાવ્યું કે, 'પધારો, બધું તૈયાર છે.' પણ એક પછી એક બધા જ બહાનાં કાઢવા લાગ્યા. પહેલાએ કહ્યું, 'મેં એક ખેતર ખરીદ્યું છે. અને મારે તે જોવા જવું પડે તેમ છે, એટલે મને માફ કરજો.' બીજાએ કહ્યું 'મેં પાંચ જોડ બળદ ખરીદ્યા છે તેને નાણી જોવા જાઉં છું, એટલે મને માફ કરજો.' વળી, બીજા એકે કહ્યું, 'હમણાં જ મારાં લગ્ન થયાં છે એટલે આવી શકું તેમ નથી.'

"નોકરે પાછા આવીને બધી વાત શેઠને કહી. ત્યોર ઘરધણીને ગુસ્સો ચડ્યો અને તેણે નોકરોને કહ્યું, 'એકદમ શહેરના રાજમાર્ગોમાં અને ગલીઓમાં જઈને ગરીબોને, લૂલાંલંગડાઓને અને આંધળાઓને અહીં લઈ આવ.' નોકરે કહ્યું, 'સાહેબ, તમારી આજ્ઞા પ્રમાણે કર્યું છે, છતાં હજી જગા ખાલી રહે છે.' ત્યારે શેઠે નોકરને કહ્યું, રસ્તાઓ અને નેળિયામાં જઈને લોકોને ખેંચી લાવ કે જેથી મારું ઘર ભરાઈ જાય. હું તમને કહું છું કે, મેં જેમને આમંત્રણ આપેલાં છે તેમાંનો એક પણ મારું ભોજન ચાખવા પામવાનો નથી." (લૂક ૧૪ : ૧૬-૨૪)

### ઉપલી વાત - મારી વાત

ઊપલી કથામાં માલિક પોતાના નોકરોને જે હુકમ આપે છે તે આપણને વિચિત્ર ને માન્યામાં ન આવે તેવો લાગે છે. માલિક પોતાના નોકરોને શેરીઓમાં ભટકતાં નાગાંપૂગાં ને ગરીબ-ગુરબાંને મિજબાનીમાં તેડી લાવવા જણાવે છે.

ઈશ્વરની આપણી સાથે આવો જ વ્યવહાર કરે છે એ તમારા ધ્યાનમાં આવ્યું કે? હું તો ઈશ્વરના ઉંબરે પગ મૂકવા પણ લાયક નથી. પણ ઈશ્વરની રહેમનો પાર નથી. કાદવમાં આળોટતા મેલાઘેલા મને એ પોતાની મિજબાનીમાં તેડી જાય છે ને મારી સરભરા કરે છે. મેં તો પાપો કરીને ઈશ્વરની જોડે દુશ્મનાવટ બાંધી હતી. હું તો લૂલાં-લંગડાં ને આંધળાં કરતાંય લાચાર બની ગયો હતો. મારાં પાપે મને શબવત્ બનાવી દીધો હતો. ઈશ્વરના પ્રેમ પૂરતો તો હું મર્યો-પરવાર્યો હતો. આવા શબ સમાન બનેલા માણસને માટે કશી આશા ક્યાંથી? ઈશ્વર જ એને બેઠો કરે તો એ બેઠો થાય. ઈશ્વરની દયા હોય તો જ એ નવેસરથી જિંદગી જીવતો થાય. ઈસુની કથા એ માણસને નવેસરથી જિંદગી આપનારા કરુણાસાગર પ્રભુની કથા છે. ધર્મશાસ્ત્ર આ જ વાત આપણને કહે છેઃ

"પોતાના પુત્ર ઈસુ મારફતે ઈસુએ માનવજાતમાં નવી ચેતનાનો સંચાર કર્યો. ઈસુ મારફતે ઈશ્વરે મડદાંને પાછાં જીવતાં કર્યાં. પયગંબર હઝકિયેલે પ્રાચીન કાળમાં આની ઝાંખી આપણને કરાવી હતી :

"હું તમને નવું હૃદય આપીશ અને તમારામાં નવો પ્રાણ પૂરીશ. હું તમારા શરીરમાંથી પથ્થરનું હૃદય લઈને તમને રક્તમાંસનું હૃદય અર્પીશ. હું તમારામાં મારા પોતાના પ્રાણનો સંચાર કરીશ, તમે મારા નિયમો પ્રમાણે ચાલો ને નિષ્ઠાપૂર્વક મારી આજ્ઞાઓનું પાલન કરો એમ કરીશ... "'તમે મારી પ્રજા બનશો; હું તમારો ઈશ્વર થઈશ." (હઝકિયેલ ૩૬ : ૨૬-૨૮)

ઈસુએ અક્ષરશઃ આ આગાહી સિદ્ધ કરી. આ શબ્દો ઈસુ જ ઉચ્ચારી શકે, "જુઓ, હું બધું નવેસર સર્જું છું'!" સાચે જ ઈસુએ મને નવું જીવન આપ્યું, આવું જીવન મારી જાતે મેળવવાનું મારું શું ગજું?"

ઈસુ કહે છે : "હું આવ્યો છું જ એટલા ખાતર કે તેમને જીવન મળે અને ભરપટ્ટે મળે". ઈસુ ગુરુના ઉપદેશનો જોટો જડવો મુશ્કેલ. એમનાં કાર્યોની તોલે બીજું શું આવે? એમનું એકેએક કાર્ય આપણને માટે પ્રેરણાના ભંડાર સમું. છતાં ઈસુની વાત કાંઈ આટલેથી અટકી જતી નથી. હકીકતમાં ઈસુએ આવીને આખી માનવજાતની કાયાપલટ કરી નાંખી. પરમપિતા ભણી જવાનો રસ્તો ઈસુએ મોકળો કરી આપ્યો. માણસ ગુલામ હતો. એને ઈસુએ પાછો સ્વતંત્ર માનવી બનાવ્યો; પામર જંતુ હતો તેને પાછો ઈશ્વરનો પુત્ર બનાવ્યો. ઈસુ માણસને ઊંડા અંધારામાંથી પરમ પ્રકાશે લઈ જાય છે, મહામૃત્યુમાંથી અમૃત સમીપે લઈ જાય છે.

ઈસુએ દુઃખો વેઠ્યાં અને મરણને વહાલું કર્યું.ને પિતાએ એમને આપેલું નવું જીવન એમણે પોતાનાં દુઃખો અને મૃત્યુ વડે આપણને પણ સુલભ કરી આપ્યું.

આપણને સૌને પોતપોતાનાં દુઃખો છે અને આપણે દરેક જણને મરણને ભેટવાનું છે. રાય હો કે રંક, જુવાન હો કે વૃદ્ધ કોઈ કહેતાં કોઈનો છુટકારો નથી. પણ જો હું મારાં દુઃખો અને મારું મૃત્યુ ઈસુને ધરું તો ઈસુ સાથે પરમપિતા એનો સ્વીકાર કરશે અને પોતાનું નવું જીવન જરૂર મને આપશે.

મૃત્યુની ઘાટ વટાવીને આપણે આ પરમજીવન પામવાનું છે. ઈસુના શબ્દો સાંભળો.

### છેલ્લું ચિંતન

આપણે આ પુસ્તિકાઓના વાચન દરમ્યાન અનેક ઠેકાણે થોડું થોભ્યા છીએ ને શાંત ચિત્તે જે કાંઈ વાંચ્યું તેના પર થોડું ચિંતન-મનન કર્યું છે. આ આપણું છેલ્લું ચિંતન છે. એ માટે સુપ્રસિદ્ધ ચિંતક કાર્ડિનલ (વરિષ્ઠ સભાસદ) ન્યૂમનના એક સુંદર ચિંતનનો આપણે સહારો લઈએ.

"ઈશ્વરે મને અમુક ખાસ કામસર પેદા કર્યો છે. ઈશ્વરે મને એક એવું કામ સોંપ્યું છે જે તેણે બીજા કોઈ માણસને સોંપ્યું નથી. મારું એક જીવનકર્તવ્ય છે. એ કર્તવ્ય હું આ જીવનમાં ક્યારેય ન પણ જાણું, પણ પછીના જીવનમાં મને એની જાણ કરાવાશે જ."

હું કડી છું ને હું જ સાંકળ છું, માણસ માણસને જોડનારો હું સેતું છું. ઈશ્વરે મને કાંઈ નિરુદ્દેશ પેદા કર્યો નથી. હું સારું કરીશ. હું ઈશ્વરનું કામ કરીશ. મારે પોતાને સ્થાને હું શાંતિનો દૂત બનીશ, સત્યનો ઉદ્‌ઘોષક બનીશ, હું ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કરતો રહીશ તો આપમેળે જ મારું એ કાર્ય થતું રહેશે.

તેથી હું ઈશ્વર પર વિશ્વાસ રાખીશ.હું જે કાંઈ હોઉં, હું ગમે ત્યાં હોઉં, પણ હું કદી ફેંકાઈ જવાનો નથી. જો હું માંદો હોઉં તો મારી માંદગી ઈશ્વરની સેવા કરો. હું મૂંઝવણમાં-દ્વિધામાં હોઉં તો મારી મૂંઝવણ-દ્વિધા ઈશ્વરની સેવા કરો. જો હું દુઃખમાં હોઉં તો મારું દુઃખ ઈશ્વરની સેવા કરો. ઈશ્વર કશું જ નિરર્થક કરતો નથી. પોતે શા માટે છે તે ઈશ્વર જાણે છે. ઈશ્વર મને મિત્ર વિહોણો કરી દે, અજાણ્યાં જનોની વચ્ચે ધકેલી દે, મને એકલવાયો બનાવી દે, મને નિસ્તેજ કરી દે, મારું ભાવિ ધૂંધળું બનાવી દે - તોયે પોતે શા માટે આવું કરે છે તે ઈશ્વર જાણે છે.

**છેલ્લી પ્રાર્થના**

મારા પ્રભુ, આ પુસ્તિકામાંથી મેં ઘણું ઘણું વાંચ્યું.
અગાઉ હું ઘણી બાબતો જાણતો હતો.
હે પ્રભુ, તમે મહાન છો.
મારે કેવળ તમને પ્રાર્થના કરવી છે.
મારી પ્રાર્થના સીધીસાદી છે.
હું ખરા દિલથી તમને એ પ્રાર્થના કરું છું.
હે પ્રભુ, તમે મારી પાસે જે કાંઈ માગો છો
તે હું કરું એ માટે તમે મને મદદ કરો.

આવો, ઈસુને મળો શ્રેણીની પાંચ પુસ્તિકાઓ પૈકી આ પાંચમી પુસ્તિકા તમારા હાથમાં છે. આ શ્રેણીની પ્રત્યેક પુસ્તિકામાં ઈસુ ખ્રિસ્ત અને તેમના ઉપદેશ વિશે પ્રમાણભૂત માહિતી આપવામાં આવી છે.

પ્રાપ્તિસ્થાન : કૅથલિક ઈન્ફરમેશન સર્વિસ સોસાયટી
અમિબેલા બિલ્ડીંગ
સન્માન હોટલની બાજુમાં
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર
અમદાવાદ ૩૮૦ ૦૧૪